# આવકના દાખલા

**સૌ પ્રથમ જાણો, આવકના દાખલા માટે જરૂરી પુરાવા.**

**૧) અરજદારનો આધાર કાર્ડ**

**૨) અરજદારનું રેશનકાર્ડ**

**૩) અરજદારનું છેલ્લું લાઇટબીલ/વેરાબિલ (જો ભાડે થી રહેતા હોઈ તો ભાડાકરાર)**

**૪) અરજદાર ના રહેણાંક ની આસપાસના 2 પુખ્ત પાડોશીના આધારકાર્ડ (પંચનામું કરવા)**

**૫) ૩ રૂ. ની કોર્ટ ફી ટીકીટ**

**૬) ૫૦ રૂ. નો સ્ટેમ્પ**

**૭) મેયર/સાંસદ/ધારાસભ્ય (કોઈપણ એક) પાસેથી મળતો આવક નો દાખલો.**

**દરેક ડોક્યુમેન્ટ ભેગા કરી ઓળખના સૌ પુરાવાની ઝેરોક્ષ કરાવી નોટરીના સહી-સિક્કા કરાવવા. તથા ઓરીજીનલ પુરાવા સાથે રાખવા.**

**આવકના દાખલા માટેના આવેદનની પ્રક્રિયા-**

- **ડિજિટલ ગુજરાત પોર્ટલ પર જઈ ઓનલાઈન અપોઇનમેન્ટ લેવી. (જો આપના ઝોન કે જિલ્લા માં લાગુ પડે તો.)**
- **અપોઇનમેન્ટ ની રસીદ અને પુરવાઓ લઈ પોતાના વિસ્તારને લગતી મામલતદારશ્રીની કચેરી તથા નાગરિક સુવિધા કેન્દ્ર પરથી આવકના દાખલા માટેનું ફોર્મ (વિનામૂલ્યે) મેળવવું.**
- **ફોર્મ ભર્યા બાદ ૩ રૂ. ની કોર્ટ ફી ટીકીટ ફોર્મ પર આગળના પાને ખાલી જગ્યા જોઈ લગાડવી. અને અન્ય બધા ડોક્યુમેન્ટની ઝેરોક્ષ ફોર્મ સાથે પીન કરવી.**
- **ફોર્મ ની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પોતાના વિસ્તારને લગતી મામલતદારશ્રીની કચેરી અથવા નાગરિક સુવિધા કેન્દ્ર પર જઈ તમારા વિસ્તારના તલાટી કમ મંત્રીશ્રી પાસે જઈ બધા ડોક્યુમેન્ટની ચકાસણી કરાવવી,જવાબ આપવો અને સહી સિક્કા કરાવવા. (તલાટીશ્રી ને જરૂર જણાઈ તો પંચનામું કરવા સાક્ષીઓને રૂબરૂ માં બોલાવી શકે)**
- **તલાટીશ્રી ના સહી સિક્કા કરાવ્યા બાદ આવકના દાખલા માટે ફોટો પડાવવાના સ્થળે જવું.**
- **આવકના દાખલા માટેના ફોટો પડાવવાના સ્થળે નજીવી ફી ચૂકવી ફોટો પડાવી રસીદ અચૂક મેળવવી.**
- **રસીદમાં આવકના દાખલા મેળવવાની તારીખ જોઈ જે-તે તારીખે તમારો આવકનો દાખલો મેળવી લેવો.**

**ખાસનોંધ- ગુજરાત સરકારશ્રીના ઠરાવ મુજબ આવકના દાખલાની સમય-મર્યાદા ૩ વર્ષ (નાણાકીય વર્ષ)ની કરવામાં આવી છે. આથી યોગ્ય રીતે સાચવી ને રાખવો.**

**આવક ના દાખલાનું ફોર્મ ડાઉનલોડ કરવા નીચે આપેલ લિંકનો ઉપયોગ કરી શકો છો.**

**https://www.digitalgujarat.gov.in/DownLoad/pdfforms/s63.pdf**

# ડોમિસાઈલ સર્ટીફીકેટ

• ડોમીસાઈલ એટલે તમે ગુજરાતના વતની કે ગુજરાતી છો અને તમારે ગુજરાતની કોઈપણ યુનિવર્સિટીમાં એડમીશન લેવું હોય ત્યારે અન્ય રાજ્યોના વિદ્યાર્થીઓ કરતા તમારી પસંદગી પહેલી થાય એ માટેનો પુરાવો એટલે ડોમીસાઈલ સર્ટીફીકેટ..
પુરાવાઓની પ્રમાણિત નકલ

• અરજદારનો તલાટી રૂબરૂ જવાબ
• પંચનામું
• સોગંદનામું
• રહેઠાણના પુરાવા (ગ્રામ પંચાયત /મ્યુનિ. ટેક્ષ બીલ /લાઈટ બીલ /ટેલીફોન બીલ /વિ પૈકી એક)
• રેશનકાર્ડ
• જન્મ અંગેનો પુરાવો (સ્કુલ લીવીંગ સર્ટી અને જન્મ પ્રમાણપત્ર)
• છેલ્લા ૧૦ વર્ષના રહેઠાણના પુરાવા(અભ્યાસ /નોકરી /મતદાર યાદી /પાન કાર્ડ/વિ.)
• ગુજરાત રાજયમાં ધારણ કરેલ સ્થાવર મિલકતનું પ્રમાણપત્ર.
• ધોરણ : ૧ થી અત્યાર સુધી કરેલ અભ્યાસના પુરાવા.
• તમારા પિતા/વાલી કયાં અને કયારથી નોકરી, ધંધો, વ્યવસાય કરે છે તેનો દાખલો
• સારી ચાલચલગત અંગેનો દાખલો.
• કોઈ ગુનામાં સંડોવાયેલા નથી તે અંગેનો તમારા વિસ્તારના પોલીસ સ્ટેશનનો દાખલો. (અસલમાં રજુ કરવો)
• ઉપરોકત રજુ કરેલ દસ્તાવેજોનો ખરાઈ માટે અસલ દસ્તાવેજોની માંગણી કર્યેથી રજુ કરવાના રહેશે.

અમલીકરણ કચેરી

• સ્થાનિક મામલતદાર અથવા ગ્રામ તલાટી કચેરી

ઓનલાઈન અરજી કરવા માટે લિંક

https://www.digitalgujarat.gov.in/Citizen/ServiceDescription.aspx

ફોર્મ ડાઉનલોડ કરવા માટે લિંક

https://www.digitalgujarat.gov.in/DownLoad/pdfforms/s76.pdf

# RTE- રાઈટ ટુ એજ્યુકેશન ઓનલાઈન પ્રવેશ માટે જરૂરી પુરાવા.

**RTE યોજનામાટે જરૂરી પુરાવા-**

- **બાળક ના પિતા/વાલીના આવકનો દાખલો/પ્રમાણપત્ર (ગ્રામ્ય વિસ્તાર માટે ૧,૨૦,૦૦૦ અને શહેરી વિસ્તાર માટે ૧,૫૦,૦૦૦ થી ઓછી આવક)**
- **બાળક ના પિતા/વાલીનું રેશનકાર્ડ**
- **બાળક ના 2 ફોટા**
- **બાળક નો આધારકાર્ડ, જન્મનો દાખલો**
- **બાળક ના માતા-પિતા/વાલી નો આધાર કાર્ડ**
- **બાળક ના પિતા/વાલી નો જાતિનો દાખલો**
- **બાળક ના પિતાનું લાઇટબીલ/વેરાબીલ/જો ભાડે થી રહેતા હોવ તો ભાડાકરાર**
- **બાળક નું અથવા બાળકના પિતા/વાલીના બેંક પાસબુક**

**ફોર્મ ક્યાં મળશે અને અરજી ક્યાં કરવી?**

- **ગુજરાત સરકારશ્રી ની RTE યોજનાની વેબસાઇટ [www.rte.orpgujarat.com](http://www.rte.orpgujarat.com) પર ઓનલાઈન ફોર્મ ભરવાનું રહેશે.**

**ખાસનોંધ-**

- **અરજી વખતે બાળકની ઉમર ૫ વર્ષ પૂર્ણ કરેલ હોવી જોઈએ.**
- **દરેક પુરાવાની 2 સેટમાં ખરી નકલ કરાવવી અને ઓરીજીનલ પુરાવાઓ સાથે રાખવા.**
- **લઘુમતી શાળા ધ્વારા RTE પ્રવેશ પ્રક્રિયા બાબતે કોર્ટમાં ચુકાદો પેન્ડીંગ હોય લઘુમતી શાળા માં RTE હેઠળ પ્રવેશ કોર્ટ ચુકાદા સુધી લેવો જોઈએ નહિ.**
- **RTE માં પ્રવેશ માટે ઓનલાઈન વેબસાઈટ નીચે દર્શાવેલ લિંક ક્લિક કરવાથી મળી જશે.**

**[https://rte.orpgujarat.com/](https://rte.orpgujarat.com/)**

આ માહિતી ની વિગતો 07/02/2021 મુજબની છે જેને ધ્યાનમાં લેવી .

# MYSY-મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના

**સહાય મેળવવાની પાત્રતાના ધોરણો**

1. ડિપ્લોમા કક્ષાના અભ્યાસક્રમો માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની અથવા અન્ય માન્ય બોર્ડની ગુજરાતમાંથી ધોરણ-૧૦ની પરીક્ષામાં ૮૦ કે તેથી વધુ પરસેન્ટાઇલ મેળવનાર વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળશે.
2. સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની અથવા અન્ય માન્ય બોર્ડની ગુજરાતમાંથી ધોરણ-૧૨ની વિજ્ઞાન પ્રવાહ અથવા સામાન્ય પ્રવાહની પરીક્ષામાં ૯૦ કે તેથી વધુ પરસેન્ટાઇલ મેળવનાર વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળશે.
3. રૂ. ૪,૫૦,૦૦૦/- (અંકે રૂપિયા ચાર લાખ પચાસ હજાર પૂરા) સુધીની વાર્ષિક આવક ધરાવતા વાલીઓના સંતાનો સહાય મેળવવા માટે લાયક ગણાશે. વાર્ષિક આવકનું પ્રમાણપત્ર મામલતદારશ્રી/તાલુકા વિકાસ અધિકારીશ્રી પાસેથી મેળવવાનું રહેશે
4. ડીપ્લોમાં અને સ્નાતક અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને તેમના અભ્યાસક્રમના નિયત સમયગાળા સુધી સહાય મળવાપાત્ર થશે.
5. સ્વ-નિર્ભર અભ્યાસક્રમોમાં એન.આર.આઇ. બેઠકો પર પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓને આ યોજના હેઠળ લાભ મળવાપાત્ર થશે નહી.

આ યોજના હેઠળ નીચે મુજબ સહાય મળવાપાત્ર રહેશે.

**ટ્યુશન ફી સહાય**

1. પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને ધોરણ-૧૨ પછીના ઉચ્ચ શિક્ષણના સ્નાતક કક્ષાના મેડીકલ અને ડેન્ટલના સરકાર માન્ય સંસ્થાના સ્વ-નિર્ભર અભ્યાસક્રમો માટે નિયત થયેલ વાર્ષિક ટ્યૂશન ફીની ૫૦% રકમ અથવા રૂપિયા ૨,૦૦,૦૦૦/- તે બે પૈકી જે ઓછું હોય તેટલી સહાય દર વર્ષે મળવાપાત્ર થશે.
2. પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને ધોરણ-૧૨ પછીના ઉચ્ચ શિક્ષણના સ્નાતક કક્ષાના પ્રોફેશનલ કોર્સીસ જેવા કે ઇજનેરી ટેકનોલોજી, ફાર્મસી, આર્કિટેક્ચર, એગ્રીકલ્ચર, આયુર્વેદ, હોમીયોપેથી, નસીંગ, ફીઝીયોથેરાપી, પેરા-મેડીકલ, વેટરનરી જેવા સરકાર માન્ય સંસ્થાના સ્વ-નિર્ભર અભ્યાસક્રમો માટે નિયત થયેલ વાર્ષિક ટ્યૂશન ફીની ૫૦% રકમ અથવા રૂપિયા ૫૦,૦૦૦/- તે બે પૈકી જે ઓછું હોય તેટલી સહાય દર વર્ષે મળવાપાત્ર થશે.
3. પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને ધોરણ-૧૨ પછીના ઉચ્ચ શિક્ષણના સ્નાતક કક્ષાના કોર્સીસ જેવા કે બી.એસ.સી., બી.કોમ, બી.એ., બી.બી.એ., બી.સી.એ. જેવા સરકાર માન્ય સંસ્થાના સ્વ-નિર્ભર અભ્યાસક્રમો માટે નિયત થયેલ વાર્ષિક ટ્યૂશન ફીની ૫૦% રકમ અથવા રૂપિયા ૧૦,૦૦૦/- તે બે પૈકી જે ઓછું હોય તેટલી સહાય દર વર્ષે મળવાપાત્ર થશે.
4. પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને ધોરણ-૧૦ પછીના સરકાર માન્ય સંસ્થાના ડીપ્લોમા સ્વ-નિર્ભર અભ્યાસક્રમો માટે નિયત થયેલ વાર્ષિક ટ્યૂશન ફીની ૫૦% રકમ અથવા રૂપિયા ૨૫,૦૦૦/- તે બે પૈકી જે ઓછું હોય તેટલી સહાય દર વર્ષે મળવાપાત્ર થશે.
5. સરકારી મેડીકલ, ડેન્ટલ, ઇજનેરી કોલેજોમાં જનરલ બેઠકો પર અનામત કક્ષાના વિદ્યાર્થીઓ જે સંખ્યામાં પ્રવેશ મેળવે અને તેને કારણે જનરલ કેટેગરીના જે સંખ્યામાં વિદ્યાર્થીઓને સ્થળાંતર કરવું પડે અને છેલ્લે જો કોઇ પણ સરકારી કોલેજમાં તેઓને પ્રવેશ ન મળે અને ફરજિયાતપણે તેઓને સ્વ-નિર્ભર કોલેજમાં પ્રવેશ મેળવવો પડે તો આવા આ યોજના હેઠળ પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને પ્રવેશ મેળવેલ સ્વ-નિર્ભર કોલેજ અને સરકારી કોલેજ વચ્ચેની ટ્યુશન ફીના તફાવતની રકમ સહાય પેટે મળવાપાત્ર થશે.

**જરૂરી પુરાવાઓ-**

- અરજદારના પિતાનો આવકનો દાખલો (સક્ષમ અધિકારી પાસે થી)
- સેલ્ફ ડેકલેરેશન ફોર્મ
- એડમીશન લેટર (યુનિવર્સીટી ધ્વારા ઓનલાઇન પ્રવેશ બાદ મળતું પત્ર)
- બેંક પાસબુક/કેન્સલ ચેક
- ટ્યુશન ફી ની રસીદ (કોલેજ માંથી મળશે)
- પાનકાર્ડ (પિતાનો )
- રેશન કાર્ડ
- આધારકાર્ડ
- કોલેજ નો mysy શિષ્યવૃત્તિ બાબતે લેટર
- ઇન્કમટેક્ષ રીટર્ન
- રીટર્ન ભરતા ના હોઈ તો રીટર્ન ભરવાપાત્ર આવક નાં હોવાનું ડીકલેરેશન ફોર્મ
- પાસપોર્ટ સાઇઝ ફોટો
- ધો-૧૨ ની માર્કશીટ

**ખાસનોંધ-**

- ફોર્મ ઓનલાઇન MYSY ની વેબસાઇટ પર થી ભરી સંલગ્ન યુનીવર્સીટી અથવા સરકાર માન્ય સેન્ટરો પર જઈ ઓરીજીનલ પુરાવાઓ સાથે ખરી નકલ ની ચકાસણી કરાવી જમા કરાવવું.
- ઓનલાઇન ફોર્મ ભરવાની વેબસાઇટ અને અરજી માટે જરૂરી મેન્યુઅલ ફોર્મ ડાઉનલોડ કરવા માટે ની લિંક નીચે આપવામાં આવી છે.

https://mysy.guj.nic.in/

https://mysy.guj.nic.in/Noticeboard/Format%20of%20Self%20declaration%20form%201920.pdf

https://mysy.guj.nic.in/Noticeboard/Self%20declaration%20for%20Non%20IT%20Returns1920.pdf

આ માહિતી ની વિગતો 07/02/2021 મુજબની છે જેને ધ્યાનમાં લેવી .

# ટ્રાન્સપોર્ટેશન યોજના

**લાભ કોને મળે?**

- **ધોરણ ૧ થી ૫ માં અભ્યાસ કરતા વિધાર્થીએ ૧ કી.મી. કરતા વધુ અંતરે ચાલીને જવું પડતું હોય.**
- **ધોરણ ૬ થી  ૮ માં અભ્યાસ કરતા વિધાર્થીએ ૩ કી.મી. કરતા વધુ અંતરે ચાલીને જવું પડતું હોય.**

**કેટલો લાભ મળે?**

- **ધોરણ ૧ થી ૫ માં અભ્યાસ કરતા વિધાર્થી માટે રૂ. ૪૦૦/-**
- **ધોરણ ૬ થી ૮ માં અભ્યાસ કરતા વિધાર્થી માટે રૂ. ૪૦૦/-**
- **ઉક્ત સહાય બાળકને લઈ જનાર રીક્ષા માલિકને આપવામાં આવે છે.**

**લાભ ક્યાંથી મળેલ?**

- **સબંધિત સ્કૂલમાંથી**

આ માહિતી ની વિગતો 07/02/2021 મુજબની છે જેને ધ્યાનમાં લેવી .

# પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજના/આયુષ્યમાન કાર્ડ માટે જરૂરી પુરાવા અને પ્રક્રિયા.

જરૂરી પુરાવા.

- પ્રધાનમંત્રી આયુષ્યમાન યોજના હેઠળ નો લેટર
- રેશન કાર્ડ (નવો બારકોડેડ)
- આધાર કાર્ડ

ઉપરોક્ત પુરાવા લઇ જીલ્લાની સિવિલ હોસ્પિટલ અથવા સ્થાનિક CSC સેન્ટર પર રૂબરૂ જઈ ૩૦રૂ. પ્રતિ વ્યક્તિ ચૂકવી કાર્ડ બનાવી શકો છો.

ખાસનોંધ

- દરેક લાભાર્થીને વ્યક્તિદીઠ વાર્ષિક રૂ.૫,૦૦,૦૦૦ સુધીનું ભારત સરકાર ધ્વારા સુરક્ષા કવચ.
- વર્ષ ૨૦૧૧ માં ભારત દેશની વસ્તી ગણતરીના આધારે આર્થિક રીતે પછાત લોકોના થયેલા સર્વે માં જણાયેલ પરિવારોને પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા છે.
- આમ, લીસ્ટમાં જો આપનું અથવા આપના પરિવારનું નામ નાં હોઈ તો નવા પરિવારોના નામ ઉમેરવાનું હાલ કોઈ પ્રાવધાન નથી.
- પરંતુ, જો આપ ગુજરાતમાં વસવાટ કરતા હોવ અને ૪ લાખ થી ઓછી પારિવારિક વાર્ષિક આવક ધરાવતા હોવ તો આપ માં અમૃતમ/વાત્સલ્ય કાર્ડ બનાવી સારવાર કરાવી શકો છો.
- પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજના ના લીસ્ટમાં નામ ચેક કરવા સ્થાનિક CSC સેન્ટર અથવા નીચે દર્શાવેલ લિંક નો ઉપયોગ કરી શકો છો.

https://mera.pmjay.gov.in/search/login

આ માહિતી ની વિગતો 07/02/2021 મુજમની છે જેને ધ્યાનમાં લેવી .

# માં અમૃતમ/વાત્સલ્ય કાર્ડ માટે જરૂરી પુરાવા અને પ્રક્રિયા.

**જરૂરી પુરાવા.**

- **આવક નો દાખલો/પ્રમાણપત્ર (આવક મર્યાદા ૩ લાખ થી ઓછી) ની ખરી નકલ**
- **રેશન કાર્ડ (નવો બારકોડેડ) ની ખરી નકલ**
- **કુટુંબના દરેક સભ્યોનાં આધાર કાર્ડ ની ખરી નકલ**
- **લાઇટબીલ/ વેરાબિલ ની ખરી નકલ**

**ઉપરોક્ત પુરાવા લઇ સ્થાનિક હેલ્થ સેન્ટર, જીલ્લા પંચાયત અથવા માં કાર્ડ સેન્ટર પર જઇકાર્ડ બનાવી શકો છો.**

**ખાસનોંધ-**

- **જો આપનું અથવા આપના પરિવારનું નામ પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજનાના લીસ્ટમાં ન હોઈ તો ગુજરાત સરકારની માં અમૃતમ/વાત્સલ્ય યોજનાનો લાભ લઈ શકાય.**
- **માં કાર્ડની સમય મર્યાદા આપે રજુ કરેલ આવકના દાખલાની સમય મર્યાદા જેટલી હોઈ છે. આથી આવકના દાખલાની અવધી પૂરી થયા બાદ તેને નવો બનાવવો અને માં કાર્ડ સેન્ટર પર જઈ નવો દાખલો રજુ કરી માં કાર્ડ રીન્યુ કરાવવો.**

આ માહિતી ની વિગતો 07/02/2021 મુજબની છે જેને ધ્યાનમાં લેવી .

# મુખ્યમંત્રી રાહતફંડ (આરોગ્યલક્ષી ખર્ચમાં સહાય અર્થે)

## પ્રસ્તાવના-

કીડની/ હૃદય/ કેન્સર/ લીવરના રોગની સારવાર/ ઓપરેશનના ખર્ચને પહોચી વળવા માટે માન. મુખ્યમંત્રીશ્રીના રાહતફંડમાંથી સરકારશ્રીએ નક્કી કરેલ જે-તે હોસ્પિટલના નામે પેનલ ધ્વારા નક્કી કરેલ નિયમાનુસાર રકમ નો ચેક આપવામાં આવે છે.
ઉપરોક્ત રોગ ધરાવતા દર્દી પાસે જો મુખ્યમંત્રી માં અમૃતમ/વાત્સલ્ય યોજના અથવા પ્રધાનમંત્રી આરોગ્ય યોજના કાર્ડ (આયુષ્યમાન કાર્ડ) હોય પરંતુ સારવાર માટેની રકમ નો અંદાજ ૫ લાખ થી વધુ હોઈ તો મુખ્યમંત્રી રાહતફંડમાં સહાય માટે આવેદન કરી શકાય છે.

શરતો-

1. આવેદન કરનાર ની પારિવારિક વાર્ષિક આવક રૂ.૧,૫૦,૦૦૦/- થી ઓછી હોવી જોઈએ.
2. દર્દીને હોસ્પિટલ ધ્વારા આપેલ અંદાજ મુજબ ઓપરેશન ખર્ચ ચૂકવેલ ના હોવો જોઈએ કે ઓપરેશન આવેદન આપવા પહેલા કરાવવું જોઈએ નહિ.
3. આવેદન કરનાર કુટુંબ ના કોઈ પણ સભ્ય નોકરી કે વ્યવસાય કે પેન્શનના ભાગરૂપે રિએમ્બર્સમેન્ટ (ખર્ચ સરભર) નો લાભ મેળવતા ના હોવા જોઈએ અથવા કોઈપણ પ્રકારના વીમાના રક્ષાન હેઠળ વળતર નો લાભ લીધેલ ના હોવો જોઈએ.
4. દર્દીએ સારવાર/ઓપરેશન માટે અગાઉ માન.મુખ્યમંત્રીશ્રી ના રાહતફંડ માં આગાઉ અરજી કરેલ ના હોવી જોઈએ.

જે-તે રોગની સારવાર/ઓપરેશન માટે સરકારશ્રીએ નિયુક્ત કરેલ હોસ્પિટલો

હૃદયના ઓપરેશન માટે માન્ય હોસ્પિટલ-

1. યુ.એન,મહેતા ઈન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર, સિવિલ હોસ્પિટલ કેમ્પસ, અમદાવાદ-૩૮૦૦૧૬
2. શેઠ વાડીલાલ સારાભાઇ જનરલ હોસ્પિટલ, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬
3. ધરમસિંહ દેસાઈ મેમોરીયલ મેથોડીસ્ક ઈન્સ્ટીટયુટ ઓફ કાર્ડિયોલોજી , મિશન રોડ, નડીયાદ-૩૮૭૦૦૨
4. શ્રી બી.ડી. મહેતા મહાવીર હાર્ટ ઈન્સ્ટીટ્યુટ , શ્રી મહાવીર હેલ્થ કેમ્પસ, અઠવાગેટ, રીંગરોડ, સુરત-૩૯૫૦૦૧
5. ઈ.એમ.ચેરીટેબલ સંચાલિત પી.પી.સવાણી હાર્ટ ઈન્સ્ટીટ્યુટ, પ્લોટ નં-૧ થી ૮ , સિદ્ધકુટીર ઇન્ડ એસ્ટેટ, ચોથો માળ, સિદ્ધકુટીર મંદિર ની બાજુમાં વરાછા ફાયર બ્રિગેડની સામે, વરાછા રોડ, સુરત.

કીડની ટ્રાન્સપ્લાન્ટ માટે માન્ય હોસ્પિટલ-

1. ઈન્સ્ટીટ્યુટ ઓફ કીડની ડીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર, સિવિલ હોસ્પિટલ કેમ્પસ, અમદાવાદ-૩૮૦૦૧૬
2. મુળજીભાઈ પટેલ યુરોલોજીકલ હોસ્પિટલ, ડો વીરેન્દ્ર દેસાઈ રોડ,નડીયાદ-૩૮૭૦૦૧

કેન્સર રોગની સારવાર માટે માન્ય હોસ્પિટલ-

1. ધી ગુજરાત કેન્સર રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ (એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ), સિવિલ હોસ્પિટલ કેમ્પસ, અસારવા, અમદાવાદ-૧૬
2. રાજકોટ કેન્સર સોસાયટી શ્રી નાથાલાલ પારેખ કેન્સર ઈન્સ્ટીટ્યુટ, ૧૪ તિરુપતિ નગર , નિર્મલા કોન્વેન્ત ની સામે, રાજકોટ-07

રજુ કરવાના પુરાવાઓ-

1. દર્દી અથવા તેના પરિવારની આવક દર્શાવતો મામલતદારશ્રી નો દાખલો
2. ધારાસભ્યશ્રી ની ભલામણ ચિઠ્ઠી
3. દર્દી ધ્વારા મુખ્યમંત્રીશ્રી ને અરજી
4. ઓ.પો.ડી કેસ ની ઝેરોક્ષ
5. રેશનકાર્ડ ની ઝેરોક્ષ
6. સારવાર નો અંદાજીત ખર્ચ નો લેટર (હોસ્પિટલ ધ્વારા)
7. ૫૦રુ. ના સ્ટેમ્પ પર સોગંધ નામું
8. ઓપરેશન બાકી છે તેવું ડોક્ટરનું સર્ટીફીકેટ (અસલ)

અથવા

ઈમરજન્સીમાં ઓપરેશન થયેલ હોય તો ઈમરજન્સીમાં ઓપરેશન થયું છે તેવું ડોક્ટરનું સર્ટીફીકેટ (અસલ )

દરેક પુરાવાઓ ને ભેગા કરી જો નકલ માંગી હોઈ તો નોતરી ના સિક્કા મારવી માન.મુખ્યમંત્રી શ્રી નું કાર્યાલય, ગાંધી નગર, સરદાર પટેલ ભવન ખાતે પોસ્ટ ધ્વારા મોકલવું.

અરજી મંજુર કે ના મંજુર નો જવાબ આપશ્રી ને ૧૦ દિવસ સુધીમાં મળી જશે.

જરૂરી પુરાવા અને સોગંધનામું ના નમુના બાબતે નીચે દર્શાવેલ લિંક નો ઉપયોગ કરી શકો છો.
https://revenuedepartment.gujarat.gov.in/downloads/CMRF.pdf

# સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના

**લાભ કોને મળે?**

- વ્યક્તિગત શૌચાલય માટે બીપીએલ લાભાર્થી
- વ્યક્તિગત શૌચાલય માટે એપીએલ લાભાર્થી માં પાંચ કેટેગરીના:

૧) એસ.સી./એસ.ટી

૨) નાના સીમંત ખેડૂત

૩) જમીન વિહોણા ખેતમજૂર

૪) શારીરિક વિકલાંગ

૫) કુટુંબ મહિલા વડા

- વ્યક્તિગત શૌચાલય માટે એપીએલ (જનરલ) લાભાર્થી
- સામુહિક શૌચાલય જમીનની સગવડતા ન ધરાવતા શૌચાલય વિહોણાની સંયુક્ત ભાગીદારી ધરાવતા કુટુંબોને.
- ઘન કચરાના નિકાલ માટે સાધનો પુરા પાડવા તથા ગંદા પાણીના નિકાલની વ્યવસ્થા ન ધરાવતા ગામો માટે લોકભાગીદારીથી કામો કરવામાં આવે છે.

**કેટલો લાભ મળે?**

- વ્યક્તિગત શૌચાલય માટે બીપીએલ તથા એપીએલ (પાંચ કેટેગરી) રૂ. ૧૨,૦૦૦/- ની સહાય, તેમજ એપીએલ (જનરલ) રૂ.૮૦૦૦/-
- સામુહિક શૌચાલય માટે કુલ રૂ.૨,૦૦,૦૦૦/- (લોકફાળો રૂ. ૨૦,૦૦૦/- તથા યોજનાકીય રૂ.૧,૮૦,૦૦૦/- સહાય).
- ઘન કચરા નિકાલ માટે સાધનો પુરા પાડવા તથા ગંદા પાણીના નિકાલની વ્યવસ્થા ન ધરાવતા ગામો માટે –

૧) ૧૫૦ કુટુંબ સુધી રૂ. ૭.૦૦ લાખ

૨) ૩૦૦ કુટુંબ સુધી રૂ. ૧૨.૦૦ લાખ

૩) ૫૦૦ કુટુંબ સુધી રૂ. ૧૫.૦૦ લાખ

૪) ૫૦૦ થી વધુ કુટુંબ રૂ. ૨૦.૦૦ લાખ

**જરૂરી પુરાવાઓ**

- આધારકાર્ડ/ ચૂંટણીકાર્ડ/ વાહન લાયસન્સ/ પાનકાર્ડ/ મનરેગા જોબ કાર્ડ/ રેશનકાર્ડ / બીપીએલ કાર્ડ (કોઈપણ એક)
- ઘરવેરા ની રસીદ
- બેંક પાસબુકની નકલ
- શૌચાલયનો ચાલુ તથા પૂર્ણ કામનો લાભાર્થી સાથેનો ફોટો.

**લાભ ક્યાંથી મળે?**

- તલાટી-કમ મંત્રીશ્રી, ક્લસ્ટર કો-ઓર્ડીનેટર, બ્લોક કો-ઓર્ડીનેટર, સિવિલ એન્જીનીયર તથા નિર્મળ દૂત ધ્વારા અરજી ફોર્મ ભરી ગ્રામ પંચાયત ધ્વારા તાલુકા કક્ષાએ અરજી પહોચાડવી.
- તાલુકા પંચાયત કચેરી, સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના શાખા.

# વ્હાલી દીકરી યોજના

**શું લાભ મળશે?**

- **દીકરીના પહેલા ધોરણમાં પ્રવેશ વખતે રૂ.૪૦૦૦/-ની સહાય.**
- **દીકરી ધોરણ-૯માં આવે ત્યારે રૂ.૬૦૦૦/-ની સહાય.**
- **દીકરી 18 વર્ષની વય વટાવે ત્યારે તેને રૂ.૧,૦૦,૦૦૦/- ની આર્થિક સહાય.**
- **દીકરી પુખ્ત વયની થતા ઉચ્ચ શિક્ષણ અને તેના લગ્ન પ્રસંગ માટે યોજના અંતર્ગત સહાય.**

**લાભ લેવા માટે પાત્રતા**

- **તા.૦૨/૦૮/૨૦૧૯ કે ત્યારબાદ જન્મેલ દીકરીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે.(દીકરી જન્મના એકવર્ષની સમયમર્યાદામાં નિયત નમુનાના આધાર પુરાવા સહીતની અરજી કરવાની રહેશે.)**
- **દંપતીની પ્રથમ ૩ સંતાનો પૈકીની તમામ દીકરીઓને યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે.**
- **અપવાદરૂપ કિસ્સામાં બીજી/ત્રીજી પ્રસુતિ વખતે કુટુંબમાં એક કરતા વધારે દીકરીઓનો જન્મ થાય અને દંપતીની દીકરીઓની સંખ્યા ત્રણ કરતા વધુ થતી હોય તો પણ તમામ દીકરીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.**
- **બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ ૨૦૦૬ની જોગવાઈઓ મુજબ પુખ્તવયે લગ્ન કરેલ હોય તેવા દંપતીની દીકરીઓને જ આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે.**

**લાભ મેળવવા માટે જરૂરી પુરાવા**

- **દીકરીના માતા-પિતાનો સંયુક્ત આવકનો દાખલો (૨,૦૦,૦૦૦ થી ઓછી આવક મર્યાદા)**
- **દીકરીના માતા-પિતા નો આધાર કાર્ડ**
- **દીકરીના માતા-પિતાનું જન્મનો પુરાવો (શાળા છોડ્યાનું પ્રમાણપત્ર/જન્મ દાખલો)**
- **દીકરીના માતા-પિતા નું રહેઠાણ નો પુરાવો (લાઇટબીલ/વેરાબિલ)**
- **દીકરી નો જન્મ દાખલો**
- **દીકરીના માતાનો જન્મદાખલો/શાળા છોડ્યાનું પ્રમાણપત્ર**
- **દંપતીના જન્મેલા અને હયાત બાળકોના જન્મના દાખલા**
- **વ્હાલી દીકરી યોજનાના સંદર્ભમાં સોગંધનામું**

**યોજનાનું ફોર્મ અને લાભ લેવા જીલ્લા મહિલા અને બાળ વિકાસ અધિકારી ની કચેરી, ગ્રામપંચાયત, યુસીડી સેન્ટર અથવા સ્થાનિક આંગણવાડીનો સંપર્ક કરવો.**
**યોજનાનું ફોર્મ ડાઉનલોડ કરવાની લિંક**
**https://drive.google.com/file/d/1jp8osVkebbQA8P6DO-gAxBrwy3vrQcwx/view?usp=sharing**

આ માહિતી ની વિગતો 07/02/2021 મુજબની છે જેને ધ્યાનમાં લેવી .

# દીકરી યોજના

**લાભ કોને મળે?**
**દીકરો ન હોય અને ફક્ત એક કે બે દીકરીઓ હોય તેવા દંપતી પૈકી કોઈ એક નસબંધી ઓપરેશન કરાવે  તે સમયની લાભાર્થીની ઉમર 32 વર્ષથી ઓછી હોય તો તેઓને રાષ્ટ્રીય બચતપત્રો આપવાની રાજ્ય સરકારની ખાસ પુરસ્કાર યોજના છે.**

**કેટલો લાભ મળે?**

**(૧) દીકરો ન હોય અને ફકત ૧ દીકરી હોય તેવા દંપતિને રૂ.** ૬૦૦૦**/-(NSC) બચતપત્રો**

**(૨) દીકરો ન હોય અને ફકત ૨ દીકરી હોય તેવા દંપતિને રૂ.**૫૦૦૦**/- (NSC) બચતપત્રો**

**લાભ ક્યાંથી મળેલ?**
- **નજીકના સરકારી દવાખાનામાં.**

**યોજનાનો લાભ મેળવવાની પદ્ધતિ**
- **જે જગ્યાએ કુટુંબ નિયોજનનું ઓપરેશન કરાવેલ હોય તે કેન્દ્ર ખાતે અરજી કરવાની.**

# અટલ સ્નેહ યોજના (નવજાત શિશુ માટે)

**કોને લાભ મળે**

- **નવજાત શિશુથી ૧૮ વર્ષના તમામ બાળકો.**

**શું લાભ મળે?**

- **જન્મજાત ખામીઓનું સ્ક્રીનીંગ અત્યાર સુધી બાળક થોડું મોટું થયા પછી જ તેની જન્મજાત ખામી અંગે ખ્યાલ આવતો હતો, હવે જન્મના ૪૮ કલાકની અંદર શિશુનું પરીક્ષણ થશે અને તાત્કાલિક નીચે મુજબની બીમારીઓની સારવાર મળશે.**
- **ન્યુરલ ટ્યુબ ડીફેક્ટસ**
- **ક્લેફ્ટલીપ અને પેલેટ**
- **ક્લબ ફૂટ**
- **ડેવલપમેન્ટલ ડીસ્લેઝીયા ઓફ હીપ**
- **કન્જનાઇટલ કેટેરેકટ**
- **કન્જનાઇટલ હાર્ટ ડીસીઝ**
- **રેટીનોપેથી ઓફ પ્રીમેચ્યોરીટી**
- **ડાઉન સિન્ડ્રોમ**
- **અન્ય કોઇ નોંધપાત્ર ખોટ**

**ક્યાં થી લાભ મળે?**

- **સરકારી અથવા ખાનગી પ્રસુતિ ગૃહ અને અન્ય પરિસ્થિતિમાં એટલેકે ઘરે અથવા અન્ય જગ્યાએ પ્રસુતિ થઇ હોય તેવા કિસ્સાઓમાં આ લાભ સ્થાનિક સ્ત્રી આરોગ્ય કાર્યકર /આર.બી.એસ.કે.ટીમ/આશા કર્મચારી મારફતે.**

**લાભ મેળવવાની પદ્ધતિ**

- **જીલ્લાની તમામ આરોગ્ય સંસ્થાઓ કે જ્યાં પ્રસુતિ થતી હોય (સરકારી અથવા ખાનગી) ત્યાં દરેક શિશુનું જન્મજાત ખામી માટે સ્ક્રીનીંગ કરવાનું રહેશે.**

# પ્રધાનમંત્રી સુકન્યા સમૃદ્ધિ યોજના

દેશની દીકરીઓ આત્મનિર્ભર બને અને ઉન્નતિ કરે તે માટે બેટી બચાવો-બેટી પઢાઓ કૅમ્પેનમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જાન્યુઆરી, 2015માં સુકન્યા સમૃદ્ધિ યોજના શરૂ કરી હતી. તેનાથી હવે દેશની દરેક બાળકીનું ભવિષ્ય સુરક્ષિત બન્યું છે. દીકરીઓ માટે સુકન્યા સમૃદ્ધિ યોજના અંતર્ગત એક અકાઉન્ટ ખોલવામાં આવે છે. આ અકાઉન્ટ ખોલાવવું એકદમ સરળ છે. સામાન્ય રીતે PPF અકાઉન્ટ ખુલે છે, ત્યાં એટલે કે બૅન્ક કે પોસ્ટ ઑફિસમાં દીકરીના નામે ખાતું ખોલાવી શકો છો. આ યોજના બાળકીઓના ઉજ્જવળ અને સુરક્ષિત ભવિષ્ય માટે બનાવવામાં આવી છે. જેનાથી તેમનું પૂરું શિક્ષણ અને 18 વર્ષની થાય ત્યારે લગ્નના ખર્ચની વ્યવસ્થા સુનિશ્ચિત થઈ શકે છે. આ યોજનાં બાળકીઓ અને તેમના માતા-પિતાને નાણાંકીય સુરક્ષા પ્રદાન કરવા માટે લાગુ કરવામાં આવી છે. જેમાં ઓછા રોકાણે વધુ વ્યાજ દરની વ્યવસ્થા કરવામાં આવી છે.

શું છે ખાસિયત?

1. દર વર્ષે ઓછામાં ઓછા 250 અને વધુમાં વધુ દોઢ લાખ રૂપિયા જમા કરાવી શકો છો.
2. જમા રકમ પર વાર્ષિક ૭.૬ ટકા હિસાબે વ્યાજ મળે છે.
3. નવા નિયમ પ્રમાણે દીકરીના લગ્ન પર 100 ટકા રકમ ઉપાડી શકાય છે.
4. જમા રકમ પર 80-સી હેઠળ ટૅક્સની છૂટ મળે છે.
5. દીકરી 21 વર્ષની થાય પછી વ્યાજ નહીં મળે.

કેવી રીતે ખોલશો ખાતું?

તમે તમારા નજીકના પોસ્ટઓફિસમાં જાવ અને ત્યાં જઇને સુકન્યા સમૃદ્ધિ યોજનાનું ફ્રોર્મ ભરો. તે સિવાય તમે ઇન્ટરનેટ કે ઇન્ડિયા પોસ્ટની વેબસાઇટથી પણ આ ફ્રોર્મ ડાઉનલોડ કરી શકો છો. દીકરીનો ફોટોગ્રાફ લવાગીને ફ્રોર્મ ભરો અને તેને પોસ્ટ ઓફિસમાં જમા કરાવો. બની શકે કે અમુક આંતરિળાય પોસ્ટ ઓફિસના અધિકારી તમને આવી કોઇ સ્કીમ નથી તેવું પણ કહે. તો થોડી રાહ જુઓ આ યોજનાને ત્યાં પહોંચવા દો.

- ફ્રોર્મ ભરી તેની પર યોગ્ય હસ્તાક્ષર કરો. .
- પોતાનું આઇ ડી અને એડ્રેસ પ્રુફની ફ્રોટોકોપી અટેચ કરો દિકરીનું જન્મ પ્રમાણ પત્રની કોપી પણ જોડો.
- પોતાના અને પોતાની પુત્રીના બે-બે પાસપોર્ટ સાઇઝ ફ્રોટો લગાવો.
- તમે સુકન્યા સમૃદ્ધિ યોજના ખાતાને બેંકમાં પણ ખોલી શકો છો.

યોગ્યતા

પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના તથા પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના માં જોડાઇ શકવાની યોગ્યતા.

મહત્વની વાત

1. આ યોજનાથી તમે વર્ષે ઓછામાં ઓછું 1 હજાર અને વધુમાં વધુ દોઢ લાખ રૂપિયા સુધી જમા કરાવી શકો છો.
2. તમે વર્ષ દરમિયાન જ્યારે પણ ઇચ્છો ત્યારે પૈસા જમા કરાવી શકો છો.
3. આ યોજના પીપીએફ યોજના જેવી છે. એટલું જ નહીં આ યોજના પીપીએફ કરતા વધુ વ્યાજ આપે છે.
4. જો તમે કોઇ વર્ષે પૈસા જમા કરાવાનું ભૂલી જશો. તો તમારે 50 રૂપિયાની પેનલ્ટી ભરવી પડશે.
5. જો તમે દિકરીનાં 18 વર્ષે લગ્ન કરાવા માંગતા હોવ તો તમે પ્રી-મેચ્યોર ફ્રેસિલિટી હેઠળ નાણાં નીકાળી શકશો.
6. જો તમારી બે દીકરીઓ હોય તો તમે બે એકાઉન્ટ ખોલાવી શકો છો. પણ જો બે થી વધારે છોકરીઓ હોય તો તમે વધુમાં વધુ માત્ર 2 જ એકાઉન્ટ ખોલી શકો.આમાં પૈસા જમા કરવાની ઓનલાઇન સુવિધા પણ ઉપલબ્ધ છે.
7. આ યોજના પર તમે કોઇ પ્રકારનો દેવું નહીં લઇ શકો.
8. માતા પિતા કે ગાર્ડિયન કન્યા માટે " સુકન્યા સમૃધ્ધિ યોજના " અંતર્ગત પોસ્ટ ઓફિસમાં ખાતું ખોલાવી શકે છે. આ યોજનામાં 2-12-2003ના રોજ અથવા ત્યાર બાદ જન્મેલી કન્યાનું ખાતું ખોલાવી શકાય છે. અને માતા અને પિતા ગાર્ડિયન તરીકે ખાતું ખોલાવી શકે છે. અનાથ કન્યાના કિસ્સામાં કોર્ટ દ્વારા નિમાયેલા ગાર્ડિયન ખાતું ખોલાવી શકે છે.  આ યોજના હેઠળ એક કુટુંબ માંથી વધુ માં વધુ બે કન્યાઓનું ખાતું ખોલાવી શકાય છે. અને ઓછામાં ઓછા રૂપિયા એક હજારથી ખાતું ખોલાવ્યા બાદ એક નાણાકીય વર્ષમાં રૂપિયા 100ના ગુણાંકમાં વધુ માં વધુ 1 લાખ 50 હજાર જમા કરાવી શકાય છે.

ફ્રોર્મ ક્યાં મળશે અને અરજી ક્યાં કરવી?

- સ્થાનિક મધ્યસ્થ પોસ્ટ ઓફીસ નો સંપર્ક કરવો.
- ફ્રોર્મ ડાઉનલોડ કરવા નીચે દર્શાવેલ લિંક નો ઉપયોગ કરી શકો છો.

https://rbidocs.rbi.org.in/rdocs/content/pdfs/494SSAC110315_A3.pdf

# શાળા આરોગ્ય- રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ

**કોને લાભ મળે**

- **નવજાત શિશુથી ૧૮ વર્ષના તમામ બાળકો.**

**શું લાભ મળે?**

- **આરોગ્ય તપાસ અને સારવાર**
- **સંદર્ભ સેવા**
- **વિનામૂલ્યે ચશમાં વિતરણ**
- **હૃદય, કીડની તેમજ કેન્સર જેવા ગંભીર રોગની કીડની પ્રત્યારોપણ સહિતની સારવાર.**
- **કીડની, લીવર ટ્રાન્સપ્લાન્ટ, કોકલીયર ઈમ્પ્લાન્ટ અને બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ અને કબલકૂટની સારવાર.**
- **કપાયેલા હોંઠ, તાળવું (ક્લેફ્ટ લીપ/પેલેટ), ક્લબકૂટ, જન્મજાત બધિરતા જેવી જન્મજાત ખામીઓની સારવાર.**
- **જુવેનાઇલ ડાયાબીટીસ અને વાઈની બીમારીઓનો પણ સમાવેશ.**
- **માનસિક આરોગ્ય (મેન્ટલ હેલ્થ) નો સમાવેશ.**

**ક્યાં થી લાભ મળે?**

- **આ યોજનાનો લાભ તમામ સરકારી દવાખાના, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સાર્વજનિક આરોગ્ય કેન્દ્ર, અર્બન હેલ્થ સેન્ટર અને જનરલ હોસ્પિટલ.**

**લાભ મેળવવાની પદ્ધતિ**

- **શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત આરોગ્ય તપાસ અને સારવાર આરોગ્ય ટીમ ધ્વારા કરવામાં આવે છે. વધુ સારવારની જરૂર જણાય તો  સી.એચ.સી./ હોસ્પિટલમાં સંદર્ભ સેવા આપવામાં આવે છે. જેનું સંદર્ભ કાર્ડ તબીબી અધિકારી ધ્વારા ભરી આપવામાં આવે છે. હૃદય, કીડની જેવી ગંભીર બીમારીવાળા બાળકોણે રાજ્યની માન્ય હોસ્પીટલમાં વિનામૂલ્યે સારવાર આપવામાં આવે છે.**

# પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાન

**કોને લાભ મળે**

- **તમામ સગર્ભા માતાઓને.**

**શું લાભ મળે?**

- **દર માસની ૯ (નવમી) તારીખે સરકારી/ખાનગી દવાખાને જવાનું રહેશે.**
- **જોખમી સગર્ભા માતાઓની ઓળખ**
- **પૂર્વ પ્રસુતિ તપાસ નિદાન સેવાઓ મફત**
- **સંપરામર્શ**

**ક્યાં થી લાભ મળે?**

**આ યોજનાનો લાભ તમામ સરકારી તથા જીલ્લા/કોર્પોરેશન સંચાલિત આરોગ્ય સંસ્થાઓમાં, ખાનગી હોસ્પિટલોમાં ઉપલબ્ધ છે.**

# વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના

**કોને લાભ મળે?**
**બીપીએલ કાર્ડ ધરાવતા કુટુંબની કન્યાને, ૦ થી ૫૦% સુધીનો સ્ત્રી સાક્ષરતા દર ધરાવતા ગામની પહેલા ધોરણમાં દાખલ થતી સરકારી પ્રાથમિક શાળાની કન્યાને મળવાપાત્ર છે.**

**કેટલો લાભ મળે?**
**ઉપર મુજબ જણાવ્યાનુસાર વર્ગમાં સમાવિષ્ટ થતી તમામ કન્યાઓને રૂ.૨૦૦૦/- નો બોન્ડ મળવાપાત્ર થાય છે. જે બોન્ડની રકમ ધોરણ-૮ સળંગ પાસ કર્યા બાદ વ્યાજ સાથે પરત આપવામાં આવે છે.**

**લાભ ક્યાંથી મળે?**
**જે-તે શાળા માંથી.**

# રાષ્ટ્રીય પરિવાર નિયોજન યોજના

**લાભ કોને મળે?**

- **મહિલા લાભાર્થી માટેઃ લગ્ન કરેલ હોય તેની ઉમંર ૨૨ વર્ષ થી ૪૯ વર્ષની વચ્ચેની હોવી જોઇએ તથા એક તેને બાળક હોવું જોઇએ અને તેની ઉમંર ૧ વર્ષથી વધારે હોવી જોઇએ, પતિનું નસબંધી ઓપરેશન ન થયેલ હોવું જોઇએ ( બે માંથી એક આ પધ્ધતિ ન અપનાવેલ હોવી જોઇએ, તેની માનસિક અવસ્થા સારી હોવી જોઇએ).**
- **પુરુષ લાભાર્થી માટેઃ લગ્ન કરેલ હોય, તેની ઉમંર ૬૦ વર્ષથી નીચે હોવી જોઇએ એક બાળક હોવું જોઇએ અને તેની ઉમંર ૧ વર્ષથી વધારે હોવી જોઇએ, લાભાર્થીની પત્નીનું ઓપરેશન ન થયેલ હોવો જોઇએ (બે માંથી એક આ પધ્ધતિ ન અપનાવેલ હોવી જોઇએ, તેની માનસિક અવસ્થા સારી હોવી જોઇએ).**

**કેટલો લાભ મળે?**

- **પુરુષ નસબંધી માં લાભાર્થીને રૂ. ૨૦૦૦/- અને મોટીવેટર ને રૂ. ૩૦૦/- ની સહાય.**
- **ટ્યૂબેક્ટોમી (સ્ત્રી વ્યંધીકરણ) માં લાભાર્થીને રૂ.૧૪૦૦/- અને મોટીવેટર ને રૂ. ૨૦૦/- ની સહાય.**
- **ટ્યૂબેક્ટોમી (સ્ત્રી વ્યંધીકરણ) (સરકારી દવાખાનામાં પ્રસુતિ બાદ ૭ દિવસમાં કરાવે તો) લાભાર્થીને રૂ.૨૨૦૦/- અને મોટીવેટર ને રૂ. ૩૦૦/- ની સહાય.**

**લાભ ક્યાંથી મળેલ?**

- **કુટુંબ કલ્યાણ પદ્ધતિનું ઓપરેશન જે તે ફેસેલીટી સેન્ટરમાં કરો ત્યારે આપને ત્યાંથી ઓપરેશન કરાવતા લાભાર્થીને તેમના બેંક ખાતામાં સહાય આપવામાં આવશે.**

**યોજનાનો લાભ મેળવવાની પદ્ધતિ**

- **આ યોજનાનો લાભ લેવા માટે ઓપરેશન વખતે નિયત ફોર્મ ભરવાનું હોય છે.**

# કુપોષણ મુક્ત ગુજરાત અભિયાન

કોને લાભ મળે

- નવજાત શિશુથી લઇ ૬ વર્ષના તમામ બાળકો.
- તમામ અતિગંભીર કુપોષિત બાળકો (SAM)

શું લાભ મળે?

- આ યોજના અંતર્ગત ૬ વર્ષ સુધીના અતિગંભીર કુપોષિત બાળકોને ક્ષેત્રીય તથા સંસ્થા ખાતે સારવાર આપવામાં આવે છે.
- આ કામગીરી આંતર વિભાગીય સંકલન ધ્વારા થાય છે.
- બીમારી ન હોય તેવા અતિગંભીર કુપોષિત બાળકોની આંગણવાડી ખાતે સામુદાયિક સ્તરે સારવાર (CMAM) કાર્યક્રમ અંતર્ગત કરવામાં આવશે તથા બીમાર અતિગંભીર કુપોષિત બાળકોને આરોગ્ય સંસ્થા ખાતે કાર્યરત બાલ સેવા કેન્દ્ર (CMTC) અને બાલ સંજીવની કેન્દ્ર (NRC) ખાતે તબીબી સારવાર અને પોષણ પુર્વસન અર્થે મોકલવામાં આવે છે.

ક્યાં થી લાભ મળે?

- આ યોજનાનો લાભ ગ્રામ્ય કક્ષાએ આંગણવાડી કેન્દ્ર તાલુકા કક્ષાએ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર / સાર્વજનિક આરોગ્ય કેન્દ્ર અને જીલ્લા કક્ષાએ જીલ્લા હોસ્પિટલ / મેડીકલ કોલેજ હોસ્પિટલમાં મળશે. જયારે શહેરી વિસ્તારમાં પણ આ યોજનાનો લાભ મળી શકશે.

લાભ મેળવવાની પદ્ધતિ

- આંગણવાડી કાર્યકર અને આશા ગામના તમામ બાળકોની નોંધણી કરી યાદી બનાવશે ત્યારબાદ સ્ત્રી આરોગ્ય કાર્યકર આ બાળકોનું સ્ક્રીનીંગ કરશે.
- જેમાં તબીબી સારવાર જરૂરીયાત સિવાયના બાળકોને સામુદાયિક સ્તરે આંગણવાડી ખાતે થેરાપ્યુટીક કોમ્પ્લીમેન્ત્રી ફૂડ મારફત સારવાર કરવામાં આવે છે.
- જયારે સામાન્ય તથા સાધન તબીબી સારવારની જરૂરિયાતવાળા બાળકોને ક્રમશ: પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર / સાર્વજનિક આરોગ્ય કેન્દ્ર ખાતે કાર્યરત બાલ સેવા કેન્દ્ર (CMTC) પર અને જીલ્લા હોસ્પિટલ / મેડીકલ કોલેજ હોસ્પિટલ ખાતે કાર્યરત બાળ સંજીવની કેન્દ્ર (NRC) પર સારવાર અર્થે મોકલવામાં આવે છે.
- ઉપરાંત, મમતા દિવસે અને હોસ્પીટલમાં ઓ.પી.ડી દરમ્યાન કુપોષિત બાળકોનું સ્ક્રીનીંગ કરી તેઓને બાળ સેવા કેન્દ્ર (CMTC)/ બાલ સંજીવની કેન્દ્ર (NRC) પર રીફર કરવામાં આવે છે.

# ડુપ્લીકેટ રેશનકાર્ડ મેળવવા માટે જરૂરી પુરાવા

**રહેઠાણનો પુરાવો**

- **લાઇટબીલ/વેરાબિલ**

**ઓળખાણનો પુરાવો**

- **ડ્રાઈવિંગ લાઇસન્સ**
- **આધારકાર્ડ**

**સેવા માટે જરૂરી પૂરાવા**

- **ખરાબ થઇ ગયેલ ના કિસ્સામાં ઓરીજીનલ રેશનકાર્ડ**

**ફોર્મ ક્યાં મળશે અને અરજી ક્યાં કરવી?**

- **જે તે પુરવઠા વિભાગ ની ઝોન કચેરી/ મામલતદારશ્રી ની કચેરી/તાલુકા વિકાસ અધિકારીની કચેરી.**
- **અથવા digitalgujarat વેબસાઈટ પર થી આવેદન કરી શકો છો.**
- **ફોર્મ ડાઉનલોડ કરવા માટે નીચે દર્શાવેલ લિંકનો ઉપયોગ કરી શકો છો.**

**https://www.digitalgujarat.gov.in/DownLoad/pdfforms/s53.pdf**

# રેશનકાર્ડ વિભાજન કે અલગ કરવા માટે જરૂરી પુરાવા

**રહેઠાણનો પુરાવો (કોઈપણ એક)**

- લાઈટબીલ/વેરાબિલ
- માલિકીના કિસ્સામાં આકારણી પત્રક
- મિલકત વેરા ની પહોંચ
- ભાડા ના કિસ્સા માં ભાડા કરાર ,મકાન માલિકી ની સંમતિ તથા મિલકત નો પુરાવો
- પ્રોપર્ટી કાર્ડ ની નકલ

**ઓળખાણનો પુરાવો**

- ડ્રાઈવિંગ લાઇસન્સ
- આધારકાર્ડ

**અન્ય પુરાવા**

- ઓરીજીનલ રેશનકાર્ડ

**સેવા માટે જરૂરી પૂરાવા**

- કુમુ પત્ર જો લાગુ પડતું હોય તો
- મહેસુલ ની પાવતી
- વરસાઈ પેઢીનામું નોટરાઈઝડ
- બી. પી. એલ.યાદીમાં ૨૧ થી ૨૮ સ્કો રમાં નામ ધરાવતા હોય તો આધાર પુરાવો
- વસિયતનામની પ્રમાણિત નકલ

**ફોર્મ ક્યાં મળશે અને અરજી ક્યાં કરવી?**

- જે તે પુરવઠા વિભાગ ની ઝોન કચેરી/ મામલતદારશ્રી ની કચેરી/તાલુકા વિકાસ અધિકારીની કચેરી.
- અથવા digitalgujarat વેબસાઈટ પર થી આવેદન કરી શકો છો.
- ફોર્મ ડાઉનલોડ કરવા માટે નીચે દર્શાવેલ લિંકનો ઉપયોગ કરી શકો છો.

https://www.digitalgujarat.gov.in/DownLoad/pdfforms/s52.pdf

# રેશનકાર્ડમાં નામ ઉમેરવા માટે જરૂરી પુરાવા

**રહેઠાણનો પુરાવો (કોઇપણ એક)**

- લાઇટબીલ/વેરાબિલ

**ઓળખાણનો પુરાવો**

- ડ્રાઈવિંગ લાઇસન્સ
- આધારકાર્ડ

**અન્ય પુરાવા**

- ઓરીજીનલ રેશનકાર્ડ
- નવા સભ્યનો ફોટો

**સેવા માટે જરૂરી પૂરાવા**

- જન્મદાખલો (જો સભ્ય બાળક હોઈ તો)
- લગ્ન પ્રમાણપત્ર(જો સભ્ય નવવધુ હોઈ તો)
- લગ્ન કરીને આવેલ નવવધુ ના પિયર પક્ષના રેશનકાર્ડ માંથી નામકમીનું સર્ટીફીકેટ લઇ મુકવું.

**ફોર્મ ક્યાં મળશે અને અરજી ક્યાં કરવી?**

- જે તે પુરવઠા વિભાગ ની ઝોન કચેરી/ મામલતદારશ્રી ની કચેરી/તાલુકા વિકાસ અધિકારીની કચેરી.
- અથવા digitalgujarat વેબસાઇટ પર થી આવેદન કરી શકો છો.
- ફોર્મ ડાઉનલોડ કરવા માટે નીચે દર્શાવેલ લિંકનો ઉપયોગ કરી શકો છો.

https://www.digitalgujarat.gov.in/DownLoad/pdfforms/s110.pdf

આ માહિતી ની વિગતો 07/02/2021 મુજમની છે જેને ધ્યાનમાં લેવી .

# રેશનકાર્ડમાં નામ કમી કરવા માટે જરૂરી પુરાવા

**રહેઠાણનો પુરાવો (કોઇપણ એક)**

- લાઇટબીલ/વેરાબિલ

**ઓળખાણનો પુરાવો**

- ડ્રાઈવિંગ લાઇસન્સ
- આધારકાર્ડ

**અન્ય પુરાવાઓ**

- ઓરીજીનલ રેશનકાર્ડ

**સેવા માટે જરૂરી પૂરાવા**

- લગ્ન પ્રમાણપત્ર (જો દીકરી લગ્ન થઇ ગયા હોઈ તો)
- છૂટાછેડા નું પ્રમાણપત્ર (જો છૂટાછેડા થયેલ હોઈ અને રેશનકાર્ડ માંથી નામ કમી કરવાનું હોઈ તો)
- મરણદાખલો (જો સભ્ય નું મૃત્યુ થયું હોઈ તો)

**ફોર્મ ક્યાં મળશે અને અરજી ક્યાં કરવી?**

- જે તે પુરવઠા વિભાગ ની ઝોન કચેરી/ મામલતદારશ્રી ની કચેરી/તાલુકા વિકાસ અધિકારીની કચેરી.
- અથવા digitalgujarat વેબસાઇટ પર થી આવેદન કરી શકો છો.
- ફોર્મ ડાઉનલોડ કરવા માટે નીચે દર્શાવેલ લિંકનો ઉપયોગ કરી શકો છો.

https://www.digitalgujarat.gov.in/DownLoad/pdfforms/s111.pdf

# રેશનકાર્ડમાં નામ/સરનામાં કે અન્ય સુધારા કરવા માટે જરૂરી પુરાવા

**રહેઠાણનો પુરાવો (કોઇપણ એક)**

- લાઇટબીલ/વેરાબિલ

**ઓળખાણનો પુરાવો**

- ડ્રાઈવિંગ લાઇસન્સ
- આધારકાર્ડ

**અન્ય પુરાવા**

- ઓરીજીનલ રેશનકાર્ડ

**સેવા માટે જરૂરી પૂરાવા**

- કુમુ પત્ર જો લાગુ પડતું હોય તો
- મહેસુલ ની પાવતી
- વરસાઇ પેઢીનામું નોટરાઈઝડ
- ગેજેટપત્ર ની ખરીનકલ

**ફોર્મ ક્યાં મળશે અને અરજી ક્યાં કરવી?**

- જે તે પુરવઠા વિભાગ ની ઝોન કચેરી/ મામલતદારશ્રી ની કચેરી/તાલુકા વિકાસ અધિકારીની કચેરી.
- અથવા digitalgujarat વેબસાઈટ પર થી આવેદન કરી શકો છો.
- ફોર્મ ડાઉનલોડ કરવા માટે નીચે દર્શાવેલ લિંકનો ઉપયોગ કરી શકો છો.

https://www.digitalgujarat.gov.in/DownLoad/pdfforms/s113.pdf

# NFSA - રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ અંતર્ગત જરૂરિયાતમંદ (APL-૧ અને BPL રેશનકાર્ડ ધારક) પરિવારોને દરમહીને રાહતદરે અનાજ મેળવવા દાવા અરજીની માહિતી.

**ભારત સરકાર ધ્વારા વર્ષ ૨૦૧૩ માં NFSA - રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા અંતર્ગત BPL રેશનકાર્ડ ધારક સિવાયના જરૂરિયાતમંદ BPL અને APL-૧ રેશનકાર્ડ ધારક પરિવારોને સરકારશ્રી તરફ થી સસ્તા અનાજની દુકાન મારફતે દરમહિને વ્યકિત દીઠ અમુક ચોક્કસ માત્રામાં રાહતદરે અનાજ આપવામાં આવે છે. જેનો લાભ લેવા માટે અરજદારે દાવા-અરજી કરવાની હોય છે.**

**દાવા અરજી સાથે જરૂરી પુરાવા**

- **રેશન કાર્ડ**
- **લાઇટબીલ/વેરાબિલ/ગેસબીલ**
- **માલિકીનું મકાન ન હોય તો- ભાડાકરાર(જો ભાડે રહેતા હોય તો) / જો મકાન સરકાર ધ્વારા ફાળવવામાં આવ્યું હોય તો, એલોટમેન્ટ લેટર**
- **આધારકાર્ડ (કુટુંબના દરેક સભ્યોની)**
- **ગેસબુક**
- **કુટુંબના મુખ્ય સભ્યની બેંક પાસબુક (કુટુંબ ની મુખ્ય સભ્ય તરીકે ઘરની મહીલાને રાખવી જેથી ભવિષ્યમાં વધુ સરકારી યોજનાઓનો લાભ મળી શકે.)**

**દાવા અરજી માટે ફ્રોર્મ ક્યાં મળશે અને આવેદન ક્યાં કરવું?**
**તમારી સ્થાનિક સસ્તા અનાજ ની દુકાન, ઝોન કચેરી, મામલતદાર કચેરી, તાલુકા કચેરી (જે-તે ઝોન કે જીલ્લા માં જેમને સત્તા આપેલી હોય ત્યાં)**

**ઓનલાઇન ફ્રોર્મ ડાઉનલોડ કરવા માટે લિંક**
**https://drive.google.com/file/d/18OZk1D6Dlo5gIVv644UGo72XlFzywEni/view?usp=sharing**

**અરજીની પ્રક્રિયા-**

- **દરેક પુરવાઓની ઝેરોક્ષ કરાવવી.**
- **જે-તે કચેરીએ ફ્રોર્મ જમા કરાવી ત્યાંથી અધિકૃત પેનલ ધ્વારા સર્વે કરવામાં આવશે. અને સર્વે ને આધારે આપ NFSA યોજના માટે લાયક છો કે નહિ તે નક્કી કરી આપને દર મહીને લાભ મળવાપાત્ર થઇ જશે.(જે-તે અધિકારી ના નિર્ણય પર સર્વે કરવામાં આવે છે.)**
- **નોંધ- જો રેશન કાર્ડમાં નામ ઉમેરવું કે કમી કરવાનું બાકી હોય તો તાકીદે કરાવવું પછી અરજી કરવી હિતાવહ રહેશે.**

# મતદારયાદીમાં નામ દાખલ કરવા માટે

**મતદારયાદીમાં નવું નામ દાખલ કરવા માટે ફોર્મ નં-૬ ભરવાનું હોય છે. ફોર્મ ઓનલાઈન/ઓફલાઈન ભરતી વખતે નીચે મુજબ ની બાબતોનું ધ્યાન રાખવું.**

**જે વિધાનસભામાં નામ દાખલ કરવું છે ઓનલાઈન ફોર્મ ભરતી વખતે તે સાચુ પસંદ કરવું . વિધાનસભાનુ નામ ખબર ન હોય તો કુટુંબના સભ્ય અથવા પડોશીના ચૂંટણી કાર્ડના પાછળના ભાગમાં લખેલ વિધાનસભાનુ નામ જોઈ લેવું.**
**અપલોડ કરવામાં આવનાર તમામ ઈમેજ સ્પષ્ટ વાંચી શકાય તેવી હોવી જોઈએ.**
**નામ, અટક, સંબંધિનુ નામ - ( પિતા અથવા પતિ નુ નામ ) સંબધનો પ્રકાર – (પિતા/ અથવા પતિ ) ,જન્મ તારીખ – વિગેરે**
**તમામ વિગતો પુરાવામાં હોય તે મુજબ જ સાચી લખવી**
**જન્મ તારીખ ,નામનુ પુરાવો - જન્મનો દાખલો/ એલ.સી./પાનકાર્ડ/પાસ પોર્ટ/આધાર કાર્ડ ( લગ્ન પછીના કિસ્સામાં મેરેજ સર્ટી અથવા જેમાં પતિનુ નામ સાથે ચાલતો તેવો ઉપરોક્ત પૈકીનો એક પુરાવો વધારાનો સાથે જોડવો )**

**રહેઠાણનો પુરાવો - હાલનું પોતાના અથવા પોતાના ફેમીલી મેમ્બરના નામનુ લાઇટબીલ/વેરાબીલ, (ભાડાનું મકાન હોય તો ભાડા કરાર ફરજિયાત),**

**ફોટો-, ( પાસપોર્ટ સાઈઝ ફોટો જોડવો ) ( સેલ્ફી ફોટો મુકવો નહી )**

**કુટુંબના સભ્ય અથવા પડોસીનો ચુંટણી કાર્ડનો નંબર ફેમીલી ડિટેલસ માં ફરજિયાત લખવો ,**

**અગાઉના ચુંટણી કાર્ડની ઝેરોક્ષ અથવા તેનુ નંબર જો અગાઉ બનાવેલ હોય તો ડેકલેરેશનમાં ફરજિયાત લખવુ.**
**બે જગ્યા ચૂંટણી કાર્ડમાં નામ ધરાવવો ગેરકાયદેસર છે . જેથી પહેલા જુની વિધાનસભા કચેરીમાંથી અથવા જુના રહેણાંક વિસ્તારના BLO (બુથ લેવલ ઓફિસર) પાસે થી નામ કમી કરાવીને જ નવી જગ્યાએ ફોર્મ ભરવુ. અથવા જુનો વોટીંગ કાર્ડ નમ્બર ફરજિયાત ઓનલાઈન ફોર્મમાં દર્શાવવુ.**

**ઓનલાઈન ફોર્મ ભરવા માટે લિંક-**
**https://www.nvsp.in/Forms/Form6**

**ઓફલાઈન(મેન્યુઅલ) ફોર્મ ભરવા માટે-**
**૧- અવારનવાર મતદારયાદી સુધારણા કાર્યક્રમ થતો હોય છે તે દરમ્યાન આપના મતદાન બુથના સરકાર નિયુક્ત BLO (બુથ લેવલ ઓફિસર) નો સંપર્ક કરવો. અને ફોર્મ ભરવું.**
**૨- આપની વિધાનસભા ને લગતી ચૂંટણી કચેરી નો સંપર્ક કરી ફોર્મ ભરી શકો છો.**
**ફોર્મ -૬ ડાઉનલોડ કરવા માટે લિંક.**
**https://drive.google.com/file/d/152zE3dURkoyuo6NqZ0Bi__B6LU9oIfJ-/view?usp=sharing**

# મતદારયાદી માંથી નામ કમી કરવા માટે

**મતદારયાદીમાં નામ કમી કરવા માટે ફોર્મ નં-૭ ભરવાનું હોય છે. ફોર્મ ઓનલાઇન/ઓફલાઈન ભરતી વખતે નીચે મુજબ ની બાબતોનું ધ્યાન રાખવું.**

**વોટીંગ કાર્ડની ઝેરોક્ષ અને જ્યાં SHIFT થયા હોય તે જગ્યાનું કોઇપણ એક ડોકયુમેન્ટ પાસ પોર્ટ/આધાર કાર્ડ/ હાલનું પોતાના અથવા પોતાના ફેમીલી મેમ્બરના નામનુ લાઇટબીલ/વેરાબીલ/ મેરેઝ સર્ટી પૈકીનો કોઈ પણ એક પુરાવો ફરજિયાત જોડવો.**

**વોટીંગ કાર્ડ નંબર સાચો લખવો અને વિધાન સભા સાચી પસંદ કરવી . વિધાનસભાનુ નામ અને ભાગ નમ્બર ખબર ના હોય તો ચૂંટણી કાર્ડના પાછળના ભાગમાં લખેલ વિધાનસભાનુ નામ જોઈ લેવું. અને તેના આધારે ફોર્મ ભરવું . તમામ ઈમેજ સ્પષ્ટ વાંચી શકાય તેવી હોવી જોઈએ.**

**ઓનલાઇન ફોર્મ ભરવા માટે લિંક-**
**https://www.nvsp.in/RegisteredUser/FormsInputIndex?form_type=form7**

**ઓફલાઈન(મેન્યુઅલ) ફોર્મ ભરવા માટે-**
**૧- અવારનવાર મતદારયાદી સુધારણા કાર્યક્રમ થતો હોય છે તે દરમ્યાન આપના મતદાન બુથના સરકાર નિયુક્ત BLO (બુથ લેવલ ઓફિસર) નો સંપર્ક કરવો. અને ફોર્મ ભરવું.**
**૨- આપની વિધાનસભા ને લગતી ચૂંટણી કચેરી નો સંપર્ક કરી ફોર્મ ભરી શકો છો.**

**ફોર્મ -૭ ડાઉનલોડ કરવા માટે લિંક**

**https://drive.google.com/file/d/1rO-ssMCOmjMa5OsTiTBmz7kAQknI-yWc/view?usp=sharing**

# મતદારયાદીમાં સંપૂર્ણ સરનામું સુધારવા માટે

**મતદારયાદી માં સંપૂર્ણ સરનામું સુધારવા માટે ફોર્મ નં-૮-ક ભરવાનું હોય છે. ફોર્મ ઓનલાઇન/ઓફલાઈન ભરતી વખતે નીચે મુજબની બાબતોનું ધ્યાન રાખવું.**

- **વોટીંગ કાર્ડ નંબર સાચો લખવો અને વિધાન સભા સાચી પસંદ કરવી. વિધાનસભાનુ નામ અને ભાગ નમ્બર ખબર ના હોય તો ચૂંટણી કાર્ડના પાછળના ભાગમાં લખેલ વિધાનસભાનુ નામ જોઈ લેવું. અને તેના આધારે ફોર્મ ભરવુ . તમામ ઈમેજ સ્પષ્ટ વાંચી શકાય તેવી હોવી જોઈએ.**
- **(અન્ય વિધાનસભામાં રહેવા ગયા હોય તો જે વિધાનસભામાં રહેવા ગયા હોય ત્યાં ફોર્મ -૬ ભરવું અને તેમાં જુનો ચુંટણી કાર્ડનંબર ફરજિયાત લખવો. તેના માટે ફોર્મ ૮- ક ભરવુ નહી, ફોર્મ ૮- ક ફકત એક જ વિધાનસભામાં એક સરનામા થી બીજા સરનામા ઉપર રહેવા ગયા હોય તો તે સુધારવા માટે જ ભરવું )**
- **રહેઠાણનો પુરાવો - હાલનું પોતાના અથવા પોતાના ફેમીલી મેમ્બરના નામનુ લાઇટબીલ/વેરાબીલ/ગેસ બીલ, (ભાડાનું મકાન હોય તો ભાડા કરાર ફરજિયાત જોડવુ ),**
- **કુટુંબના સભ્ય અથવા પડોસીનો ચુંટણી કાર્ડનો નંબર ફેમીલી ડિટેલસ માં ફરજિયાત લખવો ,**
- **એક વ્યક્તિએ એક ચૂંટણી કાર્ડમા કોઈ પણ સુધારા-વધારા માટે ફકત એક જ ફોર્મ ભરવુ વારંવાર ફોર્મ ભરવા નહી કે જેથી રીજેક્ટ ના થાય . અને મોબાઈલ નમ્બર ફરજિયાત લખવુ .**

**ઓનલાઈન ફોર્મ ભરવા માટે લિંક-**

**https://www.nvsp.in/RegisteredUser/FormsInputIndex?form_type=form8a**

**ઓફલાઈન(મેન્યુઅલ) ફોર્મ ભરવા માટે-**

**૧- અવારનવાર મતદારયાદી સુધારણા કાર્યક્રમ થતો હોય છે તે દરમ્યાન આપના મતદાન બુથના સરકાર નિયુક્ત BLO (બુથ લેવલ ઓફિસર) નો સંપર્ક કરવો. અને ફોર્મ ભરવું.**

**૨- આપની વિધાનસભા ને લગતી ચૂંટણી કચેરી નો સંપર્ક કરી ફોર્મ ભરી શકો છો.**

**ફોર્મ 8 (ક) ડાઉનલોડ કરવા માટે લિંક -**

**https://drive.google.com/file/d/13SNB0JGacll6vmlcbUVlzXuLKfDVmc8j/view?usp=sharing**

# મતદારયાદીમાં સરનામા સિવાયની તમામ વિગતો સુધારવા માટે.

**મતદારયાદી માં સરનામા સિવાયની તમામ વિગતો સુધારવા માટે ફોર્મ નં-૮ ભરવાનું હોય છે. ફોર્મ ઓનલાઇન/ઓફલાઇન ભરતી વખતે નીચે મુજબની બાબતોનું ધ્યાન રાખવું.**

- **વોટીંગ કાર્ડની ઝેરોક્ષ, અને જે કંઇ પણ સુધારો કરાવો છે એનું ડોકયુમેન્ટ જન્મ તારીખ ,નામનુ પુરાવો - જન્મનો દાખલો/ એલ.સી./પાનકાર્ડ/પાસ પોર્ટ/આધાર કાર્ડ.**

- **સરનામા માં ફકત ઘર નંબર જ ફોર્મ ૮ થી સુધરી શકશે . તે સિવાયના સરનામાની વિગતો સુધારવા ફોર્મ ૮-ક ભરવો . અને અન્ય વિધાનસભામાં રહેવા ગયા હોય તો જે વિધાનસભામાં રહેવા ગયા હોય ત્યાં ફોર્મ -૬ ભરવું અને તેમાં જુનો ચુંટણી કાર્ડનંબર ફરજિયાત લખવો. તમામ ઈમેજ સ્પષ્ટ વાંચી શકાય તેવી હોવી જોઈએ.**

- **વોટીંગ કાર્ડ નંબર સાચો લખવો અને વિધાન સભા સાચી પસંદ કરવી . વિધાનસભાનુ નામ અને ભાગ નમ્બર ખબર ના હોય તો ચૂંટણી કાર્ડના પાછળના ભાગમાં લખેલ વિધાનસભાનુ નામ જોઈ લેવું. અને તેના આધારે ફોર્મ ભરવું.**

**ઓનલાઈન ફોર્મ ભરવા માટે લિંક-**
**https://www.nvsp.in/RegisteredUser/FormsInputIndex?form_type=form8**

**ઓફલાઈન(મેન્યુઅલ) ફોર્મ ભરવા માટે-**
**૧- અવારનવાર મતદારયાદી સુધારણા કાર્યક્રમ થતો હોય છે તે દરમ્યાન આપના મતદાન બુથના સરકાર નિયુક્ત BLO (બુથ લેવલ ઓફિસર) નો સંપર્ક કરવો. અને ફોર્મ ભરવું.**
**૨- આપની વિધાનસભા ને લગતી ચૂંટણી કચેરી નો સંપર્ક કરી ફોર્મ ભરી શકો છો.**

**ફોર્મ -8 ડાઉનલોડ કરવા માટે લિંક**
**https://drive.google.com/file/d/1gAHZlHTCGm3n6ojZoviUlxVfCXCrUi3O/view?usp=sharing**

# વિધવા સહાય/ ગંગા સ્વરૂપ પેન્શન યોજના રૂ.૧૨૫૦/ માસિક માટે જરૂરી પુરાવા.

વિધવા સહાય માટે જરૂરી પુરાવા

- અરજદાર અને તેના પુત્રની આવક દર્શાવતું આવક નો દાખલો/પ્રમાણપત્ર (૧,૫૦,૦૦૦ થી ઓછી આવક)
- અરજદારનું રેશન કાર્ડ
- અરજદારનું આધારકાર્ડ અને વોટીંગ કાર્ડ
- અરજદારના પતિ ના મરણ નો દાખલો
- અરજદારના દરેક સંતાનોના આધારકાર્ડ
- અરજદારનું લાઇટબીલ/વેરાબીલ
- પુનઃલગ્ન કરેલ નથી તેનું તલાટીશ્રી પાસેથી મેળવેલું પ્રમાણપત્ર
- અરજદારની ઉંમરનો પુરાવો (શાળા છોડ્યાનું પ્રમાણપત્ર/જન્મનો દાખલો/સિવિલ સર્જન નું પ્રમાણપત્ર)
- અરજદારનો પાસપોર્ટ સાઇઝ ફોટો
- 2 સાક્ષીઓના આધારકાર્ડ અને પાસપોર્ટ સાઇઝ ફોટા

વિધવા સહાય માટે જરૂરી પેઢીનામાં માટે જરૂરી પુરાવા

- અરજદારનું  રેશનકાર્ડ
- પેઢીનામાં અંગેની અરજી રૂ.3  ની કોર્ટ ફી સ્ટેમ્પ સાથે
- અરજદારના પતિનું મરણ નો દાખલો.
- અરજદારનું આધારકાર્ડ અને વોટીંગ કાર્ડ
- અરજદારનું લાઇટબીલ/વેરાબીલ ની ખરીનકલ.
- અરજદારના પાસપોર્ટ સાઇઝના 2 ફોટા
- 3  પુખ્તવયના સાક્ષીના આધારકાર્ડ ની ખરી નકલ અને 2-2 પાસપોર્ટ સાઇઝ ના ફોટા.

વિધવા સહાય માટે જરૂરી તલાટીશ્રી પાસેથી મેળવવાનું પુનઃલગ્ન કરેલ નથી નું પ્રમાણપત્ર માટે જરૂરી પુરાવા(જે દરવર્ષે જુલાઇ મહિનામાં રજુ કરવાનું રહેશે.)

- અરજદાર અને તેના પિતાનું શાળા છોડ્યાનુ પ્રમાણપત્ર
- પુનઃલગ્ન કરેલ નથી તે અંગેની અરજી રૂ.3  ની કોર્ટ ફી સ્ટેમ્પ સાથે.
- અરજદારના પતિનો મરણનો દાખલો
- અરજદારના દરેક સંતાનોના આધારકાર્ડ
- અરજદારનું લાઇટબીલ/વેરાબીલ
- અરજદારનો પાસપોર્ટ સાઇઝ ફોટો
- 2 સાક્ષીઓના આધારકાર્ડ અને પાસપોર્ટ સાઇઝ ફોટા

ફોર્મ ક્યાં મળશે અને અરજી ક્યાં કરવી?

- વિસ્તારને લગતી મામલતદારશ્રી ની કચેરી/તાલુકા વિકાસ અધિકારીની કચેરી.

ખાસનોંધ-

- અરજદારના પતિના વારસદારો દર્શાવતું પેઢીનામું અને પુનઃલગ્ન કરેલ નથી નું સોગંધનામું/એફિડેવિટ બંને એક સાથે રૂ.૫૦ના સ્ટેમ્પ પર કરાવવું.
- દરેક પુરાવાઓની ઝેરોક્ષ કરાવી નોટરી ના સહી/સિક્કા મરાવવા. તથા ઓરીજીનલ પુરાવાઓ સાથે રાખવા.
- અરજદારે પેઢીનામાં, પુનઃલગ્નના પ્રમાણપત્ર માટે કચેરીએ રૂબરૂ જવું.

# નિરાધાર વૃદ્ધ સહાય યોજના રૂ.૭૫૦/ માસિક માટે જરૂરી પુરાવા.

**નિરાધાર વૃદ્ધ સહાય યોજના માટે જરૂરી પુરાવા**

- **અરજદારની આવક નો દાખલો/પ્રમાણપત્ર (૧,૫૦,૦૦૦ થી ઓછી આવક)**
- **અરજદારનું રેશનકાર્ડ**
- **અરજદારનું આધારકાર્ડ અને વોટીંગ કાર્ડ**
- **અરજદારના પતિ/પત્નીનો આધારકાર્ડ, વોટીંગકાર્ડ (જો હયાત હોય તો)**
- **અરજદારના દરેક સંતાનોના આધારકાર્ડ,વોટીંગકાર્ડ**
- **અરજદારનું લાઇટબીલ/વેરાબીલ**
- **અરજદારને સંતાનમાં પુત્ર નથી અથવા દિવ્યાંગ પુત્ર છે તેનું સોગંધનામું/એફિડેવિટ**
- **અરજદારની ઉમરનો પુરાવો (શાળા છોડ્યાનું પ્રમાણપત્ર/જન્મનો દાખલો/સિવિલ સર્જન નું પ્રમાણપત્ર)**
- **અરજદારનો પાસપોર્ટ સાઈઝ ફોટો**
- **2 સાક્ષીઓના આધારકાર્ડ,વેરાબિલ અને પાસપોર્ટ સાઈઝ ફોટા(પંચનામું કરવા તલાટીશ્રીના જણાવ્યા અનુસાર સાક્ષીને રૂબરૂ લઇ જવા)**

**ફોર્મ ક્યાં મળશે અને અરજી ક્યાં કરવી?**

- **વિસ્તારને લગતી મામલતદારશ્રી ની કચેરી/તાલુકા વિકાસ અધિકારીની કચેરી.**

**ખાસનોંધ**

- **અરજદારની ઉમર ૬૦ વર્ષ થી વધુ જરૂરી.**
- **દરેક પુરાવાઓની ઝેરોક્ષ કરાવી નોટરી ના સહી/સિક્કા મરાવવા. તથા ઓરીજીનલ પુરાવાઓ સાથે રાખવા.**
- **યોજનાનું ફોર્મ નીચે દર્શાવેલ લિંક ધ્વારા ડાઉનલોડ કરી શકશો.**

https://sje.gujarat.gov.in/dsd/downloads/nirathar-apang-yojana_02012020.pdf

# પાલક માતા-પિતાની યોજના

**પાત્રતાનુ ધોરણ**

**આ યોજના અંતર્ગત ગુજરાતમાં વસતા ૦ થી ૧૮ વર્ષની ઉંમરના તમામ અનાથ બાળકોકે જેના માતા-પિતા હયાત નથી તેવાં બાળકોને લાભ મળવા પાત્ર થશે. જે બાળકના પિતા મૃત્યુ પામેલ હોય અને માતાએ પુન:લગ્ન કરેલ હોય તેવા બાળકોને માતાએ પુન: લગ્ન કર્યા બાબતના લગ્ન પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.**

**સહાયનું ધોરણ**

- **બાળકોની સંભાળ રાખતા નજીકના સગાને માસિક રૂ.૩૦૦૦/- સહાય પેટે DBTથી ચુકવામાં આવે છે.**

**રજુ કરવાના ડોક્યુમેન્ટ**

- **બાળકનો જન્મનો દાખલો / શાળા છોડયાનું પ્રમાણપત્ર પૈકી કોઈ પણ એક**
- **બાળકના માતા-પીતાની મરણના દાખલાની પ્રમાણીત નકલ બિડવાનું રહશે.**
- **જે કિસ્સામાં બાળકના પિતા મરણ પામેલા હોય અને માતાએ પુન: લગ્ન કરેલ હોય તે કિસ્સામાં માતાનું પુન:લગ્ન કરેલ તે અંગેનું સોગંદનામું / લગ્ન નોંધણીનું પ્રમાણપત્ર / તલાટી કમ મંત્રીનો દાખલો પૈકી કોઈ પણ એક.**
- **પુન:લગ્ન કરેલાનો પુરાવો**
- **આવકના દાખલાની નકલ (ગ્રામીણ વિસ્તાર માટે ૨૭,૦૦૦ થી વધુ અને શહેરી વિસ્તાર માટે ૩૬,૦૦૦ થી વધુની આવક હોવી જરૂરી છે.)**
- **બાળક અને પાલક માતાપિતાના સયુંક્ત બેંક ખાતાની પ્રમાણિત નકલ**
- **બાળકના આધારકાર્ડની નકલ**
- **પાલક માતાપિતાના રેશનકાડ પ્રમાણિત નકલ**
- **બાળક હાલમાં જે ધોરણમાં અભ્યાસ કરતો હોય તેનું પ્રમાણપત્ર ની નકલ**
- **પાલક પિતા/માતાના આધારકાર્ડની નકલ પૈકી કોઈ પણ એક**

**ફોર્મ ક્યાં મળશે અને અરજી ક્યાં કરવી?**

- **આ સેવાનો લાભ લેવા જીલ્લા સમાજ સુરક્ષા કચેરી નો સંપર્ક કરવો તથા નમુના નું ફોર્મ જોવા નીચે દર્શાવેલ લિંક નો ઉપયોગ કરી શકો છો.**

**https://esamajkalyan.gujarat.gov.in/ApplicationForm/SJEDSD/GPApplicantDetails.pdf**

**ઓનલાઈન ફોર્મ ભરવા માટે લિંક**

**https://esamajkalyan.gujarat.gov.in/index.aspx?HodID=2**

આ માહિતી ની વિગતો 07/02/2021 મુજબની છે જેને ધ્યાનમાં લેવી .

# પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત વ્યક્તિગત નવું બાંધકામ અર્થે સબસીડી/સહાય

**યોજના-** કેન્દ્ર સરકાર ધ્વારા દેશના ગ્રામીણ અને શહેરી વિસ્તારોને વર્ષ ૨૦૨૨ સુધી ઝુપડપટ્ટી મુક્ત અને જર્જરિત મકાન નું નવેસર થી બાંધકામ કરવા માટે "સૌના માટે આવાસ" હાઉસિંગ ફોર ઓલ મિશન તા.૨૫-૦૬-૨૦૧૫ના રોજ જાહેર કરવામાં આવેલ છે.

**યોજનાની ઝાંખી અને વિશેષતાઓ**

- લાભાર્થી એક પરિવાર તરીકે વ્યાખ્યાયિત જેમાં પતિ,પત્ની અને અપરણિત બાળકોનો સમાવેશ.
- પોતાની જમીન ધરાવતા વ્યક્તિઓને આવાસ(મકાન) બાંધકામ કરવાના હેતુસર સહાય.
- રૂ.3 લાખ સુધીની સંયુક્ત વાર્ષિક આવક મર્યાદા ધરાવતા કુટુંબને સહાય મળવાપાત્ર.
- લાભાર્થી પાસે આધારકાર્ડ અને બેંક એકાઉન્ટ નંબર હોવું ફરજીયાત.
- આવાસ પરિવારની મુખ્ય સ્ત્રી ના નામ પર અઠવા તો પરિવારના મુખ્ય પુરુષ અને તેની પત્નીના સંયુક્ત નામે કરવાના રહે છે.
- લાભાર્થીએ NBC ના કોડ અને સ્થાનિક GDCR મુજબ આવાસનું નિર્માણ કરવાનું રહેશે.

**યોજનાનો વ્યાપ**

- લાભાર્થી પોતાની માલિકીની ખુલ્લી જમીન પર ૩૦.૦૦ છો.મી. કાર્પેટ વિસ્તાર સુધીનું નવું પાકું મકાન બાંધી શકે છે.
- ૩૦.૦૦ ચો.મી. કાર્પેટ વિસ્તાર સુધીના મકાન બાંધકામ માટે લાભાર્થીને સહાય મળવાપાત્ર થશે.

**મળવાપાત્ર સહાય**

- કુલ મળવાપાત્ર રકમ રૂ.૩,૫૦,૦૦૦ (રૂ. ત્રણ લાખ પચાસ હજાર)
- જેમાં કેન્દ્ર સરકાર ની સહાય રૂ.૧,૫૦,૦૦૦ (રૂ.એક લાખ પચાસ હાજર) ની રહેશે. અને રાજ્યસરકાર ની સહાય રૂ.૨,૦૦,૦૦૦ (રૂ.બે લાખ) ની રહેશે.

**લાભાર્થીની પાત્રતા**

- જમીન નો માલિક અરજદાર પોતે હોવો જોઇએ.
- અરજદારના કુટુંબના કોઈ પણ સભ્ય ભારતભરમાં પાકું મકાન ધરાવતા ન હોવા જોઇએ.
- કૌટુંબિક વાર્ષિક આવક રૂ.૩,૦૦,૦૦૦/- થી વધુ ન હોવી જોઇએ.
- અરજદારે PMAY (પ્રધાનમંત્રી આવાસ યોજના) ના અન્ય કોઈપણ ઘટક હેઠળ તેમજ ભારત સરકારની બીજી કોઈપણ યોજનાનો લાભ લીધેલ ન હોવો જોઇએ.

**અરજદારે રજુ કરવાના ફરજીયાત પુરાવા**

- જમીન માલિકી ના પુરાવા(પાકા દસ્તાવેજની નકલ/સીટી સર્વે પ્રોપર્ટી કાર્ડ/૭-૧૨ ની નકલ)
- લાભાર્થીના કુટુંબની વાર્ષિક આવક દર્શાવતો મામલતદારશ્રી/તલાટી નો દાખલો(૩ લાખ થી પછી આવક મર્યાદા)
- લાભાર્થી ના કુટુંબના કોઈપણ સભ્ય ભારતભરમાં પાકું મકાન ધરાવતા ન હોવા અંગેનું રૂ.૫૦ ના સ્ટેમ્પ પેપર પર નોટરાઈઝડ સોગંધનામું.
- આધારકાર્ડ ની નકલ(કુટુંબ ના દરેક સભ્યની)
- મતદાનકાર્ડ ની નકલ
- બેંક પાસબુક / કેન્સલ ચેક
- રહેઠાણનો લાભાર્થી સાથેનો ફોટો
- લાભાર્થીનો પાસપોર્ટ સાઈઝ ફોટો
- સંયુક્ત માલિકી ના કિસ્સા માં નમીન ના અન્ય માલિકો ધ્વારા લાભાર્થીને લાભ લેવા માટે ન વાંધા બાબતે સંમતિ આપતો રૂ.૫૦ ના સ્ટેમ્પ પેપર પર નોટરાઈઝડ સંમતિપત્ર.

**લાભ મેળવવા અરજી ક્યાં કરવી?**

- મહાનગર પાલિકા વિસ્તારના રહીશો એ મહાનગર પાલિકા ની સ્લમ અપગ્રેડેશન કચેરી નો સંપર્ક કરવો.
- જીલ્લા કે નગર પાલિકા વિસ્તાર ના રહીશો એ સ્થાનિક નગરપાલિકા કે જીલ્લા પંચાયત કચેરી નો સંપર્ક કરવો.
- ગ્રામ્ય વિસ્તારમાં રહેતા રહીશો એ ગ્રામ પંચાયત કચેરી નો સંપર્ક કરવો.
- વધુ વિગત માટે પ્રધાનમંત્રી આવાસ યોજનાની અફોર્ડેબલ હાઉસિંગ ની વેબસાઈટ ની નીચે આપેલ લિંક ધ્વારા મેળવી શકો છો.

https://pmaymis.gov.in/

# ડો આંબેડકર આવાસ યોજના.

યોજનાનો હેતુ

• અનુસૂચિત જાતિના ઘરવિહોણા, ખુલ્લો પ્લોટ ધરાવતા, રહેવાલાયક ન હોય તેવું કાચુ ગાર માટીનું તથા પ્રથમ માળ ઉપર મકાન બાંધવા માટે₹. ૧,૨૦,૦૦૦ ત્રણ હપ્તામાં ચુકવાવમાં આવે છે.₹.૧,૨૦,૦૦૦ સહાય પૈકી પ્રથમ હપ્તો- ૪૦,૦૦૦, બીજો હપ્તો- ૬૦,૦૦૦ અને ત્રીજો હપ્તો- ₹.૨૦,૦૦૦/- આપવામાં આવે છે.

• નિયમો અને શરતો

• લાભાર્થી દ્વારા અથવા લાભાર્થીના અન્ય કુટુંબના સભ્યો દ્વારા સરકારશ્રી દ્વારા અમલિત અન્ય કોઈપણ આવાસ યોજના હેઠળ લાભ લીધેલ ન હોવો જોઈએ.

• ડૉ.આંબેડકર આવાસ યોજના હેઠળ મળેલ સહાયથી મકાનનું સંપૂર્ણ બાંધકામ પૂર્ણ થાય નહી તેથી બાકીની રકમ લાભાર્થીને પોતે ઉમેરીને મકાન બાંધકામ પૂર્ણ કરવાનું રહેશે.

• ગ્રામ્ય વિસ્તારમાં વાર્ષિક આવક ₹.૧,૨૦,૦૦૦ અને શહેરી વિસ્તારમાં વાર્ષિક આવક ₹.૧,૫૦,૦૦૦ થી વધુ ન હોવી જોઇએ.

• આવાસ સહાય ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં મહાત્મા ગાંધી નરેગા (MGNREGA) યોજના હેઠળ આવાસ બાંધકામ માટે ૯૦ દિવસની બિનકુશળ રોજગારી માટે ₹.૧૬,૯૨૦ તે યોજનાના નિયમો મુજબ તાલુકા પંચાયતની નરેગા બ્રાંચ તરફથી મેળવી શકાશે.

• સ્વચ્છ ભારત મિશન હેઠળ શૌચાલય માટે ₹.૧૨,૦૦૦/-ની સહાયગ્રામ્ય વિસ્તારમાં તાલુકા પંચાયતની અને શહેરી વિસ્તારમાં નગરપાલીકા/મહાનગરપાલિકા તરફથી મેળવી શકાશે.

રજુ કરવાના પુરાવાઓ

• અરજદારનું આધાર કાર્ડ
• અરજદારનું રેશનકાર્ડ
• અરજદારની જાતિ/પેટા જાતિ નો દાખલો
• અરજદારની કુલ વાર્ષિક આવકનો દાખલો
• રહેઠાણનો પુરાવો (વીજળી બિલ/ લાઇસન્સ/ ભાડાકરાર/ ચુંટણી કાર્ડ/ રેશનકાર્ડ પૈકી કોઇ પણ એક)
• જમીન માલિકીનું આધાર/દસ્તાવેજ/અકારની પત્રક/હક પત્રક/સનદ પત્રક ( જે લાગુ પડતુ હોય તે )
• બેંક પાસબૂકની પ્રથમ પાનાની નકલ / રદ કરેલ ચેક (અરજદારના નામનું)
• પતિના મરણ નો દાખલો (જો વિધવા હોય તો)
• જે જમીન ઉપર મકાન બાંધવાનું છે, તે જમીન ના ક્ષેત્રફળ જણાવતા ચતુર્દિશા દર્શાવતા નકશા ની નકલ (તલાટી-કમ-મંત્રીશ્રી)ની સહીવાળી
• ચૂંટણી ઓળખપત્ર
• મકાન બાંધકામ ચિઠ્ઠી
• અગાઉ આ યોજનામાં લાભ લીધો નથી તે અંગેનું સોગંધનામું

ફ્રોર્મ ક્યાં મળશે અને અરજી ક્યાં કરવી?

• આ સેવાનો લાભ હવે ઓનલાઇન સમાજ કલ્યાણ ની વેબસાઈટ પરથી મેળવી શકો છો. જે નીચે દર્શાવેલ લિંક ધ્વારા મળી શકશે.

• ઓનલાઈન ફ્રોર્મ ભર્યાબાદ ફ્રોર્મ ની કોપી અને પુરાવાઓ વેરીફીકેશન માટે જીલ્લા અનુસુચિતજાતિ કલ્યાણ પ્રભાગ અધિકારી કચેરી (આપના તાલુકા/જીલ્લા માં જેમને સત્તા આપેલ હોય ત્યાં) જઈ તપાસ કરાવવાના રહેશે.

• https://esamajkalyan.gujarat.gov.in/index.aspx

https://esamajkalyan.gujarat.gov.in/ApplicationForm/SJEDSC/AAYViewApplicantDetails.pdf

# પંડિત દીન દયાળ ઉપાધ્યાય આવાસ યોજના

**પાત્રતાના માપદંડ**

- **આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૧,૨૦,૦૦૦/- તથા શહેરી વિસ્તાર માટે રૂ.૧,૫૦,૦૦૦/- રાખવા ઠરાવેલ છે.**

**સહાયનું ધોરણ**

- **સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ, આર્થિક પછાતવર્ગ, વિચરતી વિમુકત જાતિના ઘર વહોણા ઈસમોને શહેરોમાં અને ગામડામાં વસવાટની મુશ્કેલીઓ દૂર કરવા માટે માલિકીનો પ્લોટ ધરાવતા ઈસમોને મકાન બાંધવા માટે ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારમાં રૂ.૧,૨૦,૦૦૦/- આપવામાં આવે છે.**
- **મકાન બાંધકામ પૂર્ણ કરવાની અવધિ ર વર્ષની છે.**

**રજુ કરવાના ડોક્યુમેંટ**

- **અરજદારનો જાતિ/પેટાજાતિ નો દાખલો તથા આવકનો દાખલો**
- **અરજદારનો રહેઠાણનો પુરાવો (આધાર કાર્ડ/ વીજળી બિલ/ લાઇસન્સ/ ભાડાકરાર/ ચુંટણી કાર્ડ/ રેશનકાર્ડ પૈકી કોઈપણ એક)**
- **કોઈ ગરીબી આવાસ યોજના હેઠળ જમીન/તૈયાર મકાન મળેલ હોય તે ફાળવણીના હુકમની, એલોટમેન્ટ લેટરની પ્રમાણિત નકલ.**
- **જમીન માલિકીનું આધાર/દસ્તાવેજ/અકારની પત્રક/હક પત્રક/સનદ પત્રક ( જે લાગુ પડતુ હોય તે )**
- **અરજદારને મકાન સહાય મંજુર કરવા માટે ગ્રામપંચાયતના તલાટી ક્મ મંત્રી / સિટી તલાટી ક્મ મંત્રી / સર્કલ ઇન્સ્પેક્ટરે આપવાનું પ્રમાણપત્ર**
- **મકાન બાંધકામ કરવાની રજા ચિઠ્ઠી**
- **BPLનો દાખલો**
- **પતિના મરણ નો દાખલો (જો વિધવા હોય તો)**
- **જે જમીન ઉપર મકાન બાંધવાનું છે, તે જમીન ના ક્ષેત્રફળ જણાવતા ચતુર્દિશા દર્શાવતા નકશા ની નકલ (તલાટી-કમ-મંત્રિશ્રિ)ની સહીવાળી.**
- **પાસબુક / કેન્સલ ચેક**
- **અરજદારના ફોટો**

**ફોર્મ ક્યાં મળશે અને અરજી ક્યાં કરવી?**

- **આ સેવાનો લાભ હવે ઓનલાઈન સમાજ કલ્યાણ ની વેબસાઈટ પરથી મેળવી શકો છો. જે નીચે દર્શાવેલ લિંક ધ્વારા મળી શકશે.**
- **ઓનલાઈન ફોર્મ ભર્યાબાદ ફોર્મ ની કોપી અને પુરાવાઓ વેરીફીકેશન માટે મામલતદાર કચેરી / તાલુકા વિકાસ અધિકારી કચેરી/ જીલ્લા સમાજ કલ્યાણ અધિકારી કચેરી (આપના તાલુકા/જીલ્લા માં જેમને સત્તા આપેલ હોય ત્યાં) જઈ તપાસ કરાવવાના રહેશે.**

**https://esamajkalyan.gujarat.gov.in/**

# બક્ષીપંચના દાખલા માટે જરૂરી પુરાવા

**રહેઠાણનો પુરાવો**
- અરજદારનું રેશન કાર્ડ
- અરજદારનું લાઇટ બીલ/વેરાબીલની ખરી નકલ.

**ઓળખનો પુરાવો (કોઇપણ એક)**
- અરજદારના આધાર કાર્ડ ની નકલ
- અરજદારના ચુંટણી ઓળખ કાર્ડ ની નકલ
- અરજદારના ડ્રાઈવિંગ લાયસન્સ ની નકલ

**જાતિને લગતા પુરાવા**
- અરજદારનું શાળા છોડ્યાનુ પ્રમાણપત્ર
- અરજદારના પિતા/કાકા/ફોઇ નું શાળા છોડયાનાં પ્રમાણપત્ર(ફરજીયાત) અને બક્ષીપંચના દાખલા ની ખરી નકલ(જો હોઈ તો)

**સેવા માટે જરૂરી પૂરાવા**
- જ્ઞાતિ અંગેનું સોગંધનામું / એફિડેવિટ.
- મૂળ ગુજરાત રાજ્યના રહેવાસી ન હોય તેવા અરજદારે ગુજરાત રાજ્યમાં તા. 01/04/1978 પહેલાથી કાયમી વસવાટ ધરાવતા હોવાના દસ્તાવેજી પુરાવાઓ.

**ફોર્મ ક્યાં મળશે અને અરજી ક્યાં કરવી?**
- મામલતદારશ્રી ની કચેરી/તાલુકા વિકાસ અધિકારીની કચેરી/ જીલ્લા સમાજ કલ્યાણ અધિકારી ની કચેરી.

**ખાસનોંધ- ફોટો સાથે દાખલો આપવાનો હોઈ અરજદારે રૂબરૂ જવું.**

https://sje.gujarat.gov.in/ddcw/downloads/ApplForm_SebcCasteCerti.pdf

# નોન ક્રીમીલેયર/બિન ઉન્નતવર્ગના દાખલા માટે જરૂરી પુરાવા.

**રહેઠાણનો પુરાવો**
- **અરજદારનું રેશન કાર્ડ**
- **અરજદારનું લાઇટ બીલ/વેરાબીલની ખરી નકલ.**

**ઓળખનો પુરાવો**
- **અરજદાર અને તેના પિતાના આધાર કાર્ડ ની નકલ**
- **2 સાક્ષીના આધારકાર્ડ**

**જાતિને લગતા પુરાવા (કોઇપણ એક)**
- **અરજદાર અને તેના પિતાનું શાળા છોડ્યાનુ પ્રમાણપત્ર.**
- **અરજદારનો scbc/બક્ષીપંચ નો દાખલો.**

**આવકનો પુરાવો**
૧) તાલુકામાં પ્રથમ આવનાર :- રૂ.૧૦,૦૦૦/-

૨) તાલુકામાં બીજા ક્રમે આવનાર :- રૂ. ૫૦૦૦/-

3) જીલ્લામાં પ્રથમ આવનાર :- રૂ.૧૫,૦૦૦/-

૪) જીલ્લામાં બીજા ક્રમે આવનાર :- રૂ.૧૦,૦૦૦/-

**જરૂર પુરાવાઓ:-**

• રેશનકાર્ડ ની નકલ
• આધારકાર્ડ ની નકલ
• ગ્રામ્ય દૂધ ઉત્પાદક મંડળીનો જેટલા દુધાળા પશુ રાખતા હોય તેવો તથા મંડળમાં દૂધ ભરાવતા હોય તેવો દાખલો.
• પશુપોષણ, પશુ રહેઠાણ વગેરે માટે જરૂરી ફોટા તેમજ હાર્ડકોપી, ફાર્મના ફોટા.
• પશુપાલકને અગાઉ કોઈ એવોર્ડ, ઈનામ કે પ્રશસ્તિપત્ર મળેલ હોય તેન નકલ.
• સક્ષમ અધિકારીશ્રીનું દિવ્યાંગ અંગેનું પ્રમાણપત્ર ની નકલ (ફક્ત દિવ્યાંગ માટે)

**યોજનાની અરજી પદ્ધતિ-**

• ઓનલાઇન લિંક-

https://ikhedut.gujarat.gov.in/Public/frm_Public_SchemeDetails.aspx

**યોજનાની અમલીકરણ પદ્ધતિ**

• ઓનલાઇન કરેલ અરજીના જરૂરી દસ્તાવેજી કાગળો, ફોર્મના ફોટા અને વિડીયોકલીપ સમય મર્યાદામાં નિયત કરેલી કચેરીએ પહોચાડવાની રહે છે.ત્યારબાદ નિયત કરવામાં આવેલ વિવિધ કમિટીઓ ધ્વારા સ્કુટીની તથા વિજેતા પસંદગીની કામગીરી કરવામાં આવે છે.

**અમલીકરણ સંસ્થા-**

• સબંધિત જીલ્લાના ધનિષ્ઠ પશુ સુધારણા એકમ ધ્વારા સબંધિત વિભાગીય સંયુક્ત પશુપાલન નિયામકના નિયંત્રણ હેઠળ યોજનાનું અમલીકરણ કરવામાં આવે છે.

# પશુપાલકો માટેની યોજના
# અકસ્માતે પશુ મૃત્યુ વળતર(સહાય) ચુકવણી યોજના

**હેતુ-**

**• ફૂડ પોઈઝનિંગ, સ્નેક બાઈટ, કેમિકલ પોઈઝનીંગ, હડકવા, એન્થ્રેક્સ અને બર્ડ ફ્લ્યું, જેવા અસાધ્ય રોગથી પશુ-પક્ષીઓના આકસ્મિક મૃત્યુ થયેલ હોય તો તેવા સંજોગોમાં ખાસ કરીને ગરીબ પશુપાલકોની રોજીરોટી છીનવાય જાય છે. આવા સંજોગોમાં પશુપાલકોને આર્થિક મદદ કરવાનો હેતુ છે.**

**લાયકાત-**

**• તમામ પશુપાલકો**

**યોજનાનો લાભ-**

**• પશુનું આકસ્મિક મૃત્યુ થતા પશુપાલકની આજીવિકાનું સાધન છીનવાઈ જતા નવું પશુ-પક્ષીઓ ખરીદ કરવા માટે સહાય.**

**યોજનાની અરજી પદ્ધતિ-**

**• નજીકના પશુદવાખાના ખાતે પશુ મરણબાદ તાત્કાલિક સંપર્ક કરી કાર્યવાહી કરવી.**

**અમલીકરણ સંસ્થા-**

**• જીલ્લા નાયબ/મદદનીશ પશુપાલન નિયામક (જીલ્લા પંચાયત)**

**અન્ય શરતો-**

**૧. ફૂડ પોઈઝનિંગ, સ્નેક બાઈટ, કેમિકલ પોઈઝનીંગ, હડકવા, એન્થ્રેક્સ અને બર્ડ ફ્લ્યું, જેવા અસાધ્ય રોગથી પશુ-પક્ષીઓના આકસ્મિક મૃત્યુ થયેલ હોય તો તેવા સંજોગોમાં પશુપાલકોને આ યોજનાનો લાભ મળી રહેશે.**

# પશુપાલકો માટેની યોજના
# દૂધ ઉત્પાદન હરીફાઈ યોજના

હેતુ-

• નાના સીમાંત ખેડૂતો, ખેત મજુરો, સામાજિક અને આર્થીક રીતે પછાત વર્ગના લોકો સારા અનુવાંશિક ગુણો ધરાવતા દુધાળા પશુઓ રાખી વધુ દૂધ ઉત્પાદનની પ્રેરણા તથા પ્રોત્સાહન મેળવી વધુને વધુ દૂધ ઉત્પાદન કરી આર્થિક સદ્ધરતા મેળવે.

લાયકાત-

• તમામ પશુપાલકો

યોજનાનો લાભ-

• પશુપાલકોને વધુ દૂધ ઉત્પાદન આપતા પશુઓ રાખવા પ્રોત્સાહિત કરવા.
• વધુ દૂધ આપતા પશુઓની જાણકારી મેળવવી.

જરૂરી પુરાવાઓ

• રેશનકાર્ડ
• ફી ના ચલણની નકલ.
• બેંક પાસબુકની નકલ/કેન્સલ ચેક.
• આધારકાર્ડ ની નકલ.

યોજનાની અરજી પદ્ધતિ-

• નજીકના પશુદવાખાના/પ્રાથમિક સારવાર કેન્દ્ર/ ધનીષ્ટ પશુ સુધારણા યોજનાના ઉપકેન્દ્ર પર જઈ રૂબરૂ અરજી કરવી.

અમલીકરણ સંસ્થા-

• જીલ્લા નાયબ/મદદનીશ પશુપાલન નિયામક (જીલ્લા પંચાયત), નાયબ પશુપાલન નિયામક (ધનિષ્ઠ પશુ સુધારણા યોજના

અન્ય શરતો-

• ઓલાદવાર અલગ-અલગ પશુઓનું સરકારશ્રી ધ્વારા માન્ય ઓછામાં ઓછું દૂધ ઉત્પાદન હોવું જોઈએ.

# પશુપાલકો માટેની યોજના
# સમગ્ર રાજ્યમાં શુદ્ધ સંવર્ધન ધ્વારા રાજ્યની સ્થાનિક ઓલાદની ગાયમાં કૃત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીઓના પશુપાલકો માટે પ્રોત્સાહક યોજના

**હેતુ-**

- રાજ્યમાં આવેલ દેશી ઓલાદની મૂળગીર ગાય તથા કાંકરેજ ઓલાદની ગાયોની સંખ્યાને નામશેષ થતી અટકાવી તેમાં વધારો કરી યોગ્ય જાળવણી કરવાનો છે.

**લાયકાત-**

- ગુજરાત રાજ્યમાં પશુપાલન વ્યવસાય સાથે સંક્રાયેલ તમામ પશુપાલકો

**યોજનાનો લાભ-**

- રાજ્યના સ્થાનિક પશુપાલકોને તેમની પોતાની દેશી (ગાય)માં કૃત્રીમ બીજદાન ધ્વારા શુદ્ધ દેશી ઓલાદની વાછરડીના જન્મ થયેથી રૂ.૩૦૦૦/- રોકડ સહાય સ્વરૂપે.

**યોજનાની અરજી પદ્ધતિ-**

- ઓનલાઈન અરજી કરવી.

https://ikhedut.gujarat.gov.in/Public/frm_Public_SchemeDetails.aspx

- અથવા પશુ દવાખાનાના પશુ ચીકીત્સા અધિકારીનો સંપર્ક કરવો.

**અમલીકરણ સંસ્થા-**

- જીલ્લા નાયબ/મદદનીશ પશુપાલન નિયામક (જીલ્લા પંચાયત)

**અન્ય શરતો-**

૧. શુદ્ધ સંવર્ધન ધ્વારા કૃત્રિમ બીજદાનથી વાછરડી જન્મેલ હોયતો પશુપાલકે ikhedut portal પર ઓનલાઈન અરજી કરવાની રહેશે.

૨. અરજીની તારીખે વાછરડીની ઉમર ૧૧ માસથી વધુ ન હોવી જોઈએ.

૩. કૃત્રિમ બીજદાન કાર્ય અંગેનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. પ્રમાણપત્રમાં કૃત્રિમ બીજદાન માટે વપરાયેલ ડોઝની વિગતો પણ જણાવવી પડશે.

૪. લાભાર્થી પશુપાલકે અરજી પત્રક મંજુરી અર્થે સબંધિત કચેરી (તાલુકા પશુદવાખાના) એ રજુ કરશે. અરજી મળ્યેથી કચેરી સબંધિત સંલગ્ન 'તાલિકા પશુ દવાખાનાના પશુ ચિકિત્સા અધિકારી' પાસેથી સમાન હેતુવાળા ઘટક માટે સ્નાય યોજનામાંથી અગાઉ નિયત કરેલ સમયમર્યાદામાં (એકવર્ષ માટે પ્રતિ પશુપાલકે એક વખત) સહાય મેળવેલ નથી તે બાબતનો પ્રમાણપત્ર/દાખલો મેળવી લેવાનું રહેશે.

૫. પશુપાલક દીઠ એક વાછરડી માટે પ્રતિ વર્ષ એક વખત સહાય મળવાપાત્ર રહેશે.

૬. અરજી પત્રક સાથે રજુ કરવાના દાખલા-પ્રમાણપત્રો.

અ. બેંક પાસબુકની નકલ અથવા કેન્સલ ચેક (આધાર લિન્ક્ડ બેંક એકાઉન્ટ)

બ. બારકોડેડ રેશનકાર્ડ

ક. કૃત્રિમ બીજદાન કરનાર સંસ્થાનું 'પત્રક' મુજબનું પ્રમાણપત્ર

ડ. આધારકાર્ડની નકલ

# પશુપાલકો માટેની યોજના
# રાજયના અનુસુચિતજાતિ અને અનુસુચિત જનજાતિના ૧ થી ૨૦ દેશી દુધાળા પશુઓ (ગાય અને ભેંસ)ના એકમની સ્થાપના માટે વ્યાજ સહાયની યોજના

**હેતુ-**

- **પશુપાલકો સરળતાથી પશુઓ ખરીદ કરી પશુપાલન વ્યવસાય અપનાવી આર્થિક રીતે પગભર થઇ શકે તે માટે પશુઓની ખરીરી પર બેંક લોન  સામે વ્યાજની સહાય આપી તેમના સામાજિક અને આર્થિક સ્તરમાં પણ સુધારો લાવવો.**

**લાયકાત-**

- **અનુસુચિતજાતિ/ અનુસૂચિત જનજાતિના પશુપાલકો**

**યોજનાનો લાભ-**

- **૧ થી ૨૦ દેશી દુધાળા પશુઓના(ગાય અને ભેસ) એકમની સ્થાપના માટે બેંક લોન ઉપર ૫ (પાંચ) વર્ષ સુધી મહત્તમ વાર્ષિક ૧૨% વ્યાજ સહાય.**

**યોજનાની અરજી પદ્ધતિ-**

- **બેંક ધ્વારા ધિરાણ મેળવ્યા બાદ નીચે દર્શાવેલ ઓનલાઈન લિંક પર અરજી કરવી.**

**https://ikhedut.gujarat.gov.in/Public/frm_Public_SchemeDetails.aspx**

**અમલીકરણ સંસ્થા-**

- **જીલ્લા નાયબ/મદદનીશ પશુપાલન નિયામક (જીલ્લા પંચાયત)**

**જરૂરી પુરાવા**

- **આધાર કાર્ડની ઝેરોક્ષ.**
- **રેશનકાર્ડની ઝેરોક્ષ.**
- **બેંકપાસબુક ની ઝેરોક્ષ.**
- **સરકારે નકકી કરેલા ઉત્પાદક પાસેથી ખરીદીનું બીલ**
- **ધિરાણ તથા વ્યાજ અંગેના બેન્કના ડોક્યુમેન્ટ.**
- **પશુ ચીકીત્સા અધિકારીનું ખરીદી અંગેનું પ્રમાણપત્ર.**

**અન્ય શરતો-**

- **લાભાર્થીને રાષ્ટ્રીયકૃત બેંક અથવા ભારતીય રીઝર્વબેંક ધ્વારા માન્ય નાણાંકીય સંસ્થા મારફતે એકમ સ્થાપવા માટે લોન આપવામાં આવેલ હોઈ તો જ સહાયને પાત્ર રહેશે.**
- **આ યોજના હેઠળ પશુપાલકે પશુ એકમ ૩ (પાંચ) વર્ષની મુદ્દત સુધી નિભાવવાનું રહેશે. આ ૩ (પાંચ) વર્ષની મુદ્દત દરમ્યાન પશુ મૃત્યુ પમેતો લાભાર્થીએ સ્વખર્ચે કે વિમાની રકમમાંથી કે બેંકમાંથી ધિરાણ મેળવીને નવું પશુ ખરીદી મૂળ પશુ એકમ યથાવત રાખી પશુ પાલન કરવાનું રહેશે. આ અંગે સરકારશ્રી ધ્વારા કોઈ વધારાની સહાય મળવાપાત્ર થશે નહિ.**

# પશુપાલકો માટેની યોજના
# વિધુત સંચાલિત ચાફ્ક્ટર માટે સહાય

**હેતુ-**

- **ખેડૂત-પશુપાલકો પોતાના પશુઓને ચાફ્કટરથી ચાફિંગ કરેલો લીલો-સુકો ચારો આપતા નીરણનો બચાવ કરી શકે છે.**

**લાયકાત-**

- **અનુસુચિત જાતિના ખેડૂતો, અનુસુચિત જન જાતિના ખેડૂતો, નાના ખેડૂતો,સીમંત ખેડૂતો, સામાન્ય ખેડૂતો, બક્ષીપંચના ખેડૂતો.**

**યોજનાના નો લાભ-**

- **ખરીદ કીમતના 75% સહાય અથવા મહત્તમ રૂ.૧૫૦૦૦/-, બે માંથી જે ઓછું હોય તે.**

**જરૂરી પુરાવાઓ**

- **ખેડૂત-પશુપાલક ૫ (પાંચ) કે તેથી વધુ દુધાળા પશુઓ ધરાવતો હોય તેવો દૂધ ઉત્પાદક સહકારી મંડળી અથવા ગ્રામ પંચાયતનો દાખલો.**
- **આધારકાર્ડની ઝેરોક્ષ**
- **રેશનકાર્ડ ની ઝેરોક્ષ**
- **બેંક પાસબુકની ઝેરોક્ષ**
- **સરકારી નક્કી કરેલા ઉત્પાદક પાસેથી ખરીદીનું બીલ**
- **પશુ ચિકિત્સા અધિકારીનું ખરીદી અંગેનું પ્રમાણપત્ર**

**યોજનાની અરજી પદ્ધતિ-**
**ઓનલાઈન લિંક-**
[https://ikhedut.gujarat.gov.in/Public/frm_Public_SchemeDetails.aspx](https://ikhedut.gujarat.gov.in/Public/frm_Public_SchemeDetails.aspx)

**અમલીકરણ સંસ્થા-**

- **જીલ્લા પશુ અધિકારીની કચેરી**

**અન્ય શરતો-**

- **લાઈટ કનેક્શન ધરાવતા હોવા જોઈએ.**
- **કુટુંબદીઠ એક લાભાર્થીને લાભ મળી શકશે.**
- **આગાઉ લાભ લીધેલ અરજદારને લાભ આપી શકાશે નહિ.**
- **ચાફ્કટરની ખરીદી સરકાર માન્ય ઉત્પાદક પાસેથી જ કરવી પડશે.**

# પશુપાલકો માટેની યોજના
# કેટલશેડ બાંધકામ, ગમાણ, પાણીની ટાંકી તથા ડોલ માટે સહાય
# (૨ પશુઓ માટે)

**હેતુ-**

• ગરીબ પશુપાલકો પાસે પોતાના પશુઓ બાંધવા માટે અને તેમને રક્ષાન આપવા માટે કોંઢ (કેટલશેડ)ની સગવડતા ઉભી કરવી.

**લાયકાત-**

• અનુસુચિત જાતિના ખેડૂતો-પશુપાલકો.

**યોજનાના નો લાભ-**

મૂળ ખર્ચના ૫૦% સહાય અથવા મહત્તમ રૂ.૧૮૦૦૦/-, બે માંથી જે ઓછું હોય તે.

**જરૂરી પુરાવા**

• બારકોડેડ રેશનકાર્ડની નકલ.
• સરકાર માન્ય ફોટાવાળા ઓળખપત્રની નકલ (આધાર કાર્ડ/ મતદાર કાર્ડ/ ડ્રાઈવિંગ લાયસન્સ/ કિસાન ક્રેડીટકાર્ડ).
• જાતિનો દાખલો (સક્ષમ અધિકારી ધ્વારા આપેલ)
• બેંક પાસબુકની નકલ અથવા રદ કરેલ ચેક.
• બે કે તેથી વધુ દુધાળા પશુ ધરાવતા હોવાનો પુરાવો (ગ્રામ્ય દૂધ ઉત્પાદક મંડળી/ તલાટી કમ-મંત્રીનો દાખલો/ પ્રમાણપત્ર)
• માલિકીની જમીન અંગેનો તલાટી કમ મંત્રીનો દાખલો/ આકારણી પત્રક/ ૭/૧૨ અને ૮-અની પ્રમાણિત નકલ

**યોજનાની અરજી પદ્ધતિ-**

**ઓનલાઈન લિંક-**

https://ikhedut.gujarat.gov.in/Public/frm_Public_SchemeDetails.aspx

**અમલીકરણ સંસ્થા-**

• નાયબ પશુપાલન નિયામક, ધનિષ્ઠ પશુ સુધારણા યોજનાની કચેરી.

**અન્ય શરતો-**

• જે ખેડૂત-પશુપાલક ૨ (બે) કે તેથી વધુ પશુઓ રાખતા હોય તેનેજ આ યોજનાનો લાભ મળી શકે છે.

# પશુપાલકો માટેની યોજના
# ઘાસચારાની મીનીકિટસ

હેતુ-

• પશુઓને સારો તથા ગુણવત્તા યુક્ત ચારો મળી રહે તે માટે ખેતરમાં ચાર પાકનું વાવેતર કરવા માટે મીનીકીટસ પુરા પાડવામાં આવે છે.

લાયકાત-

• અનુસુચિત જાતિના ખેડૂતો, અનુસુચિત જનજાતિના ખેડૂતો, નાના ખેડૂતો, સીમંત ખેડૂતો, સામાન્ય ખેડૂતો, બક્ષીપંચ ખેડૂતો.

યોજનાના નો લાભ-

• વિનામૂલ્યે

યોજનાની અરજી પદ્ધતિ-

• રૂબરૂ જઈ અરજી કરવાની હોય છે.

અમલીકરણ સંસ્થા-

• જીલ્લા પશુપાલન અધિકારી તથા નાયબ પશુપાલન નિયામક,ધનિષ્ઠ પશુ સુધારણા યોજનાની કચેરી.

અન્ય શરતો-

૧. ખેડૂત પોતાની જમીન ધરાવતો હોવો જોઈએ.

૨. ખેડૂત પશુ ધરાવતો હોવો જોઈએ.

૩. જાતિ અંગેતો સક્ષામ અધિકારીનો દાખલો રજુ કરવાનો રહેશે.

# પશુપાલકો માટેની યોજના
# બકરા એકમ (૧૦+૧) ની સ્થાપના માટે સહાય

**હેતુ-**

**• અનુસુચિત જાતિના લાભાર્થીઓ,અનુસુચિત જનજાતિની મહિલા લાભાર્થીઓ તથા જનરલ કેટેગરીના લાભાર્થીનું બકરાંપાલન વ્યવસાય ધ્વારા જીવનધોરણ ઊંચું લાવવું.**

**લાયકાત-**

**• યોજનાના ઢાંચા મુજબ અનુસુચિત જાતિના લાભાર્થીઓ, અનુસુચિત જનજાતિની મહિલા લાભાર્થીઓ (વિધવા/ત્યકતા/શારીરિક અપંગ લાભાર્થીઓને પ્રાધાન્ય.), જનરલ કેટેગરીના લાભાર્થીઓ**

**યોજનાનો લાભ-**

**• રૂ. ૬૦,૦૦૦/- યુનિટ કિમતના ૫૦% અથવા મહત્તમ રૂ. ૩૦,૦૦૦/- બે માંથી જે ઓછું હોય તે.**

**જરૂર પુરાવાઓ**

- **જાતિનો દાખલો-સક્ષમ અધિકારી ધ્વારા**
- **આધાર કાર્ડની નકલ**
- **રેશનકાર્ડ ની નકલ**
- **બેંક પાસબુકની નકલ**
- **સરકારે નક્કી કરેલા ઉત્પાદક પાસેથી ખરીદીનું બીલ.**
- **પશુ ચિકિત્સા અધિકારીનું ખરીદી અંગેનું પ્રમાણપત્ર.**

**યોજનાની અરજી પદ્ધતિ-**

**• ઓનલાઈન અરજી કરવી.**

https://ikhedut.gujarat.gov.in/Public/frm_Public_SchemeDetails.aspx

**અમલીકરણ સંસ્થા-**

**• નાયબ પશુપાલન નિયામક (જીલ્લા પંચાયત)**

**અન્ય શરતો-**

- **બકરા બાંધવાની જગ્યા, ખોરાક, પાણી અને ખાણદાણની વ્યવસ્થા લાભાર્થીએ કરવાની રહેશે.**
- **અનુ.જનજાતિની લાભાર્થી મહિલા જો વિધવા/ત્યકતા/શારીરિક અપંગતા ધરાવતી હોયતો તે અંગેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર.**
- **૧૦ બકરી અને ૧ બકરાનું યુનિટ સ્થાપવાનું રહેશે.**
- **બકરીની ઉમર ૧ થી ૨ વર્ષ તથા બકરાની ઉમર ૨ થી ૩ વર્ષની હોવી જોઇએ.**
- **આ એકમ ઓછામાં ઓછું ત્રણ વર્ષ નિભાવવાનો રહેશે.**
- **મંજુર મળ્યેથી ૯૦ દિવસમાં એકમની સ્થાપના કરવાની રહેશે. અન્યથા મંજુરી આદેશ રદ ગણાશે.**

# પશુપાલકો માટેની યોજના
# પશુપાલકોના ગાભણ પશુઓને ખાણદાન માટે સહાય

**હેતુ-**

• પશુપાલકોના ગાભણ પશુઓની તંદુરસ્તી જળવાઈ રહે તેમજ ગર્ભમાં રહેલ બછ્ચકાનો યોગ્ય વિકાસ થાય અને સ્વાસ્થ્ય ક્ષમતા મુજબ દૂધ ઉત્પાદન મેળવી શકાય તેમજ ઉત્પાદન શકરી જળવાઈ રહે.

**લાયકાત-**

• તમામ પશુપાલકો

**યોજનાનો લાભ-**

• ખરીદ કીમતના 75% સહાય અથવા મહત્તમ રૂ.૩૦૦૦/-, બે માંથી જે ઓછું હોય તે.

**જરૂરી પુરાવાઓ**

• બારકોડેડ રેશનકાર્ડ ની નકલ
• આધારકાર્ડ ની નકલ
• જાતિનો દાખલો (ફક્ત અનુ.જાતી માટે)
• કૃત્રિમ બીજદાન/કુદરતી સંવર્ધન રીતે પશુ ફેળવ્યાનું પ્રમાણપત્ર
• પશુનું ગર્ભ પરીક્ષણ અંગેનું પ્રમાણપત્ર
• બેંક પાસબુક ની નકલ અથવા કેન્સલ ચેક
• સક્ષમ અધિકારીનું દિવ્યાંગ અંગેનું પ્રમાણપત્રની નકલ (ફક્ત દિવ્યાંગ માટે)

**યોજનાની અરજી પદ્ધતિ-**

• ઓનલાઈન અરજી કરવી.

https://ikhedut.gujarat.gov.in/Public/frm_Public_SchemeDetails.aspx

**અમલીકરણ સંસ્થા-**

• નાયબ પશુપાલન નિયામક (જીલ્લા પંચાયત), ધનીષ્ટ પશુ સુધારણા યોજનાની કચેરી

**અન્ય શરતો-**

૧. લાભાર્થી દીઠ(રેશનકાર્ડના માત્ર એક સભ્યને) પ્રતિ વર્ષ એક ગાભણ પશુ માટે યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે.

# પશુપાલકો માટેની યોજના
# મીલ્કીંગ મશીન માટે સહાય

**હેતુ-**

- **ઓછા સમયગાળામાં વધુ પશુઓની દોહન પ્રક્રિયા ઝડપી પૂર્ણ થતા મહિલા પશુપાલકોના સમય બચાવ થાય છે.**

**લાયકાત-**

- **તમામ પશુપાલકો**

**યોજનાનો લાભ-**

- **ખરીદ કીમતના 75% સહાય અથવા મહત્તમ રૂ.૩૩,૭૫૦/-, બે માંથી જે ઓછું હોય તે.**

**જરૂરી પુરાવાઓ**

- **લાભાર્થી પાંચ કે તેથી વધુ દુધાળા પશુ રાખતા હોય તથા નિયમિત દૂધ ભરાવે છે તે અંગે દૂધ ઉત્પાદક સહકારી મંડળી અથવા ગ્રામ પંચાયતનો દાખલો.**
- **આધાર કાર્ડની નકલ**
- **રેશનકાર્ડ ની નકલ**
- **બેંક પાસબુક ની નકલ**
- **સરકારે નક્કી કરેલા ઉત્પાદક પાસેથી ખરીદીનું બીલ**
- **પશુ ચિકત્સા અધિકારીનું ખરીદી અંગેનું પ્રમાણપત્ર**

**યોજનાની અરજી પદ્ધતિ-**

- **ઓનલાઈન અરજી કરવી.**

https://ikhedut.gujarat.gov.in/Public/frm_Public_SchemeDetails.aspx

**અમલીકરણ સંસ્થા-**

- **જીલ્લા પશુપાલન અધિકારી**

**અન્ય શરતો-**

- **કુટુંબદીઠ એક લાભાર્થીને લાભ મળી શકશે.**
- **અગાઉ લાભ લીધેલ અરજદારને લાભ આપી શકાશે નહિ.**
- **મિલ્કીંગ મશીનની ખરીદી સરકાર માન્ય ઉત્પાદક પાસેથી જ કરવાની રહેશે.**

# પશુપાલકો માટેની યોજના
# ઓટોમેટીક મિલ્ક કલેક્શન માટે સહાય

**કોને લાભ મળે?**

- મહિલા સંચાલિત દૂધ ઉત્પાદક સહકારી મંડળી
- સામાન્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળી

**શું લાભ મળે?**

- ઓટોમેટીક મિલ્ક કલેક્શન મશીન (AMCS) પર મહત્તમ રૂ.૭૦,૦૦૦/- પ્રતિ યુનિટ અથવા કિમતના ૮૦% / ૭૦% બે માંથી જે ઓછું હોય તે સહાય સ્વરૂપે.

**અરજી સાથે જરૂરી પુરાવાઓ**

- સબંધિત જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના મેનેજીંગ ડીરેક્ટરશ્રી પાસેથી સમાન હેતુવાળા ઘટક માટે અન્ય યોજનામાંથી અગાઉ નિયત કરેલ સમયમર્યાદામાં સહાય મેળવેલ નથી તે  બાબતનો પ્રમાણપત્ર/દાખલો.
- બેંક પાસબુકની નકલ અથવા કેન્સલ ચેક
- આધારકાર્ડ ની નકલ
- રેશનકાર્ડ ની નકલ
- સરકારે નક્કી કરેલા ઉત્પાદક પાસેથી ખરીદીનું બીલ
- પશુ ચિકિત્સક નું ખરીદી અંગેનું પ્રમાણપત્ર

**અન્ય શરતો**

- મંડળીએ અગાઉ લાભ લીધેલ હોવો જોઈએ નહિ.
- ખરીદી સરકાર માન્ય ઉત્પાદક પાસેથી જ કરવી પડશે.

**અરજી ક્યાં કરવી?**

**ikhedut portal પર ઓનલાઈન અરજી કરવાની રહેશે.**

**ઓનલાઈન અરજી કરવા લિંક**

[https://ikhedut.gujarat.gov.in/Public/frm_Public_SchemeDetails.aspx](https://ikhedut.gujarat.gov.in/Public/frm_Public_SchemeDetails.aspx)

# દુધઘર બાંધકામ માટે સહાય

**કોને લાભ મળે?**

• મહિલા સંચાલિત દૂધ ઉત્પાદક સહકારી મંડળી

**શું લાભ મળે?**

• દૂધઘર સ્થાપના પર એકમ કિમત રૂ. ૧૦,૦૦,૦૦૦/- સુધી કે ખરેખર સ્થાપના માટે થયેલ ખર્ચ પૈકી જે ઓછું હોય તેના ૫૦%ની મર્યાદામાં સહાય વહુમાં વધુ રૂ. ૫,૦૦,૦૦૦/-

**અરજી સાથે જરૂરી પુરાવાઓ**

• સબંધિત જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના મેનેજીંગ ડીરેક્ટરશ્રી પાસેથી સમાન હેતુવાળા ઘટક માટે અન્ય યોજનામાંથી અગાઉ નિયત કરેલ સમયમર્યાદામાં સહાય મેળવેલ નથી તે બાબતનો પ્રમાણપત્ર/દાખલો.
• દૂધઘર માટે જરૂરી જમીનનો આધાર.
• બેંક પાસબુકની નકલ અથવા કેન્સલ ચેક
• આધારકાર્ડ ની નકલ
• રેશનકાર્ડ ની નકલ
• સરકારે નક્કી કરેલા ઉત્પાદક પાસેથી ખરીદીનું બીલ
• બાંધકામ અંગે સિવિલ એન્જીનીયરનું પ્રમાણપત્ર

**અન્ય શરતો**

• મંડળીએ અગાઉ લાભ લીધેલ હોવો જોઈએ નહિ.
• આ યોજના ફક્ત મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ માટે જ છે.
• મહિલા લાભાર્થી મંડળીએ દુધઘરનું બાંધકામ GCMMF આનંદ ધ્વારા નક્કી થયેલ લે-આઉટ અને ધારા ધોરણો મુજબ સબંધિત દેરી સંઘના સિવિલ એન્જીનીયરની દેખરેખ હેઠળ કરવાનું રહેશે.

**અરજી ક્યાં કરવી?**

**ikhedut portal પર ઓનલાઈન અરજી કરવાની રહેશે.**

**ઓનલાઈન અરજી કરવા લિંક**

https://ikhedut.gujarat.gov.in/Public/frm_Public_SchemeDetails.aspx

# પશુપાલકો માટેની યોજના
# બલ્ક મિલ્ક કુલર માટે સહાય

**હેતુ-**

**• જ્યાં દૂધનો પુરવઠો વધુ હોય તેમજ દુધ ઉત્પાદક સહકારી મંડળી જીલ્લા ડેરી મથકથી વધુ અંતરે હોય તેવી દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ પર વિવિધ ક્ષમતા ધરાવતા બલ્ક ઇલ્ક કુલરની સ્થાપના કરી દૂધ ટ્રાન્સપોર્ટશન દરમ્યાન ખરાબ કે ખાતું થઇ જવાની મુશ્કેલીનું નિવારણ કરી પશુપાલકોને થતું આર્થિક નુકશાન નિવારવું.**

**લાયકાત-**

**• રાજ્યની તમામ ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળી**

**યોજનાનો લાભ-**

**• બલ્ક મિલ્ક કુલર (BMC)ની એકમ કિમત (૧૦૦૦ લિ. – રૂ.૭.૭૫ લાખ, ૨૦૦૦ લિ. – રૂ.૯.૨૫ લાખ, ૩૦૦૦ લિ. – રૂ.૧૧.૦૦ લાખ, ૪૦૦૦ લિ. – રૂ. ૧૨.૫૦ લાખ, ૫૦૦૦ લિ. – રૂ. ૧૪.૦૦ લાખ) પર એકમ કિમત કે ખરેખર ખરીદ કિમત પૈકી જે ઓછું હોય તેના ૮૦% / ૭૦% સહાય (બલ્ક મિલ્ક કુલરની વિવિધ ક્ષમતાઓ મુજબ)**

**જરૂરી પુરાવાઓ**

**• સબંધિત જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના મેનેજીંગ ડીરેક્ટરશ્રી પાસેથી સમાન હેતુવાળા ઘટક માટે અન્ય યોજનામાંથી અગાઉ નિયત કરેલ સમયમર્યાદામાં સહાય મેળવેલ નથી તે બાબતનો પ્રમાણપત્ર/ દાખલો.**
**• આધાર કાર્ડ ની નકલ**
**• રેશનકાર્ડ ની નકલ**
**• બેંક પાસબુકની નકલ**
**• સરકારે નક્કી કરેલા ઉત્પાદક પાસેથી ખરીદીનું બીલ**
**• પશુ ચિકિત્સા અધિકારીનું ખરીદી અંગેનું પ્રમાણપત્ર**

**યોજનાની અરજી પદ્ધતિ-**

**• ઓનલાઈન અરજી કરવી.**
https://ikhedut.gujarat.gov.in/Public/frm_Public_SchemeDetails.aspx

**અમલીકરણ સંસ્થા-**

**• જીલ્લા પશુપાલન અધિકારી**

# પશુપાલકો માટેની યોજના
# (૨૫ આર.આઈ.આર) પક્ષી એકમ સહાય

**હેતુ-**

- **અનુસુચિત જનજાતિ, અનુસુચિત જાતિ તેમજ આર્થિક રીતે નબળા વર્ગના લોકોને પુરક રોજગારી પૂરી પડવી.**

**લાયકાત-**

- **અનુસુચિત જનજાતિ, અનુસુચિત જતી તેમજ આર્થિક રીતે નબળા વર્ગના લોકોને મળવાપાત્ર.**

**યોજનાનો લાભ-**

- **રૂ.૬૦૦૦/- યુનિટ કિમતના ૭૫% સહાય અથવા રૂ.૪૫૦૦/- ની સહાય થી પક્ષી યુનિટ અને મરઘા આહાર (વસ્તુમાં સ્વરૂપમાં ૨૫ આર.આઈ.આર.પક્ષી અને મરઘા આહાર)**

**જરૂરી પુરાવાઓ**

- **જાતિ અંગેનું પ્રમાણપત્ર / આવક અંગેનું પ્રમાણપત્ર.**
- **મરઘા પાલન તાલીમ પ્રમાણપત્ર**
- **બારકોડેડ રેશનકાર્ડ ની નકલ**
- **પાસપોર્ટ સાઈઝ ફોટો**
- **આધારકાર્ડ ની નકલ**
- **બાહેંધરી પત્રક**

**યોજનાની અરજી પદ્ધતિ-**

- **ઘનિષ્ઠ મરઘા વિકાસ ઘટક, જીલ્લા મરઘા વિસ્તરણ કેન્દ્ર ખાતે રૂબરૂ જઈ અરજી કરવાની હોય છે.**

**અમલીકરણ સંસ્થા-**

- **ઘનિષ્ઠ મરઘા વિકાસ ઘટક, જીલ્લા મરઘા વિસ્તરણ કેન્દ્ર**

**અન્ય શરતો-**

- **એક કુટુંબના એક સભ્યને લાભ આપી શકાશે. ત્રણ વર્ષ બાદ તે જ કુટુંબને પુનઃલાભ આપી શકાશે.**
- **લાભાર્થીએ મરઘા પાલનની તાલીમ મેળવેલ હોવી જોઇએ.**
- **આ યોજના હેઠળ લાભાર્થીને ૬ થી ૮ અઠવાડિયા ઉછેરેલ ૨૫ આર.આઈ.આર.ના સુધારેલ જાતના પક્ષી તથા ખોરાક આપવાના રહેશે.**
- **રાત્રી રક્ષણ માટે ખુડો કે વાંસનો ટોપલો અને ખોરાક પાણીના સાધનો લાભાર્થીએ લાવવાના રહેશે.**
- **૨૫ આર.આઈ.આર. પક્ષીનું એકમ સામાન્ય સંજોગોમાં ૨વર્ષ માટે નિભાવવાનું રહેશે.**
- **યુનિટના પક્ષીઓમાં રસીકરણ સમયસર કરાવવાનું રહેશે.**

# પશુપાલકો માટેની યોજના
# (૧૦૦ બ્રોઈલર પક્ષી) ફાર્મની સ્થાપના માટે સહાય

હેતુ-
- અનુસુચિત જાતિના લોકોને પુરક રોજગારી પૂરી પડવી.

લાયકાત-
- અનુસુચિત જાતિ ના લાભાર્થી

યોજનાનો લાભ-
- રૂ.3 ૬,000 /- યુનિટ કિમતના ૭૫% અથવા મહત્તમ રૂ. ૨૭,000/- બે માંથી જે ઓછું હોય તે (૧૦૦ બ્રોઈલર પક્ષી એકમ માટે સહાય)

જરૂરી પુરાવાઓ
- જાતિ અંગેનું પ્રમાણપત્ર
- મરઘા પાલનની તાલીમનું પ્રમાણપત્ર
- રેશનકાર્ડ ની નકલ
- ફોટો પ્રમાણપત્ર
- આધારકાર્ડની નકલ
- ૭-૧૨ નો ઉતારો/ સ્ટેમ્પ પર જમીન ભાડાપટ્ટાનું કરારનામું

યોજનાની અરજી પદ્ધતિ-
- ઓનલાઈન લિંક-

https://ikhedut.gujarat.gov.in/Public/frm_Public_SchemeDetails.aspx

અમલીકરણ સંસ્થા-
- ઘનિષ્ઠ મરઘા વિકાસ ઘટક, જીલ્લા મરઘા વિસ્તરણ કેન્દ્ર

અન્ય શરતો-
- એક કુટુંબના એક સભ્યને લાભ આપી શકાશે. ત્રણ વર્ષ બાદ તે જ કુટુંબને પુનઃલાભ આપી શકાશે.
- અરજદારે ફાર્મ બાંધવા માટે જરૂરી પોતાની જમીન અથવા ભાડા પતેથી ૨ વર્ષ ઉપર જમીન સંપાદિત કાર્ય અંગેનો દાખલો અરજી સાથે રજુ કરવાનો રહેશે.
- લાભાર્થીએ ૧૦૦ ચોરસ ફૂટનું ક્ષેત્રફળ ધરાવતો શેડ ઘટકના અધિકારીની સુચના મુજબ તૈયાર કરવાનો રહેશે.
- લાભાર્થીએ ૧૦૦ લો ઈનપુટ કક્ષાના બ્રોઈલર પક્ષીના બચ્ચા, જરૂરી મરઘા આહાર, ખોરાક તથા પાણીના સાધનો લાભાર્થીએ લાવવાના રહેશે.
- આ એકમ સમય સંજોગોમાં ૨ વર્ષ માટે નિભાવવાનું રહેશે.

# પશુપાલકો માટેની યોજના
# મરઘાં પાલન તાલીમ સ્ટાઇનપેન્ડ

**હેતુ-**

- **વૈજ્ઞાનિક પદ્ધતિથી મરઘા પાલન તાલીમ આપી સ્વરોજગારની આવકમાં વધારો કરવો.**

**લાયકાત-**

- **અનુસુચિત જાતિ, અનુસૂચિત જનજાતિ  અને આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે.**

**યોજનાનો લાભ-**

- **નાના સ્વરૂપે (મહતમ રૂ.૨૦૦૦/-)**

**જરૂરી પુરાવાઓ**

- **જાતિ અંગેનું પ્રમાણપત્ર**
- **ફોટો**
- **બેંક પાસબુકની નકલ**
- **બીપીએલ સ્કોર કાર્ડ/ આવક નું પ્રમાણપત્ર**
- **આધારકાર્ડ ની નકલ**
- **શૈક્ષણિક લાયકાતના પુરાવા**

**યોજનાની અરજી પદ્ધતિ-**

- **ઓનલાઈન લિંક-**

https://ikhedut.gujarat.gov.in/Public/frm_Public_SchemeDetails.aspx

**અમલીકરણ સંસ્થા-**

- **ઘનિષ્ઠ મરઘા વિકાસ ઘટક, જીલ્લા મરઘા વિસ્તરણ કેન્દ્ર**

**અન્ય શરતો-**

- **એક કુટુંબના એક સભ્યને લાભ આપી શકાશે. ત્રણ વર્ષ બાદ તે જ કુટુંબને પુનઃલાભ આપી શકાશે.**
- **આ યોજનામાં ગરીબી રેખા હેઠળના ઇસમો તથા મહિલાઓને પ્રાધાન્ય આપવાનું રહેશે.**
- **મરઘા પાલન તાલીમ લેનાર તાલીમાર્થીને દૈનિક રૂ.૩૦૦/- પ્રમાણે ૬ દિવસના રૂ.૧૮૦૦/- સ્ટાઇનપેન્ડ તથા તાલીમમાં આવવા જવાનું ભાડું વધુમાં વધુ રૂ.૨૦૦/- મળી મહત્તમ કુલ રૂ.૨૦૦૦/- ચૂકવવાના રહેશે.**

# પશુપાલકો માટેની યોજના
# સ્વરોજગારીના હેતુ પશુપાલન વ્યવસાય માટે ૧૨ દુધાળા પશુના ડેરી ફાર્મ સ્થાપનાની સહાયની યોજના

હેતુ-
• ગ્રામ્ય કક્ષાએ પશુપાલન વ્યવસાયને આગવું મહત્વ આપી, પશુપાલનને ગ્રામ્ય રોજગારીનો આધારસ્તંભ બનાવી વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવા માટે નાણાંકીય પ્રોત્સાહન થકી પશુપાલન વ્યવસાયને ગ્રામ્ય કક્ષાએ વધુ વેગ આપવો.

લાયકાત-
• તમામ પશુપાલકો

યોજનાનો લાભ-
• દુધાળા પશુઓની ખરીદી માટે મેળવેલ બેંક ધિરાણ પર ૫ (પાંચ) વર્ષ સુધી સામાન્ય કેટેગરીના લાભાર્થીઓને ૭.૫% વ્યાજ સહાય તથા મહિલા, અનુ.જાતિ અને અનુ.જનજાતિના લાભાર્થીઓને ૮.૫% વ્યાજ સહાય, ગીર/કાંકરેજ માટે મહત્તમ ૧૨% વ્યાજ સહાય.
• કેટલશેડના બાંધકામ પર ૫૦% મહત્તમ રૂ.૧.૫૦લાખ સહાય, ગીર/કાંકરેજ માટે 75% મહત્તમ રૂ.૨.૨૫ લાખ સહાય.
• પશુઓના સળંગ ત્રણ વર્ષના વીમાના પ્રીમીયમ પર 75% મહત્તમ રૂ.૪૩,૨૦૦/- ની સહાય, ગીર/કાંકરેજ પર 90% મહત્તમ રૂ. ૫૧,૮૪૦/- સહાય
• ઇલેક્ટ્રિક ચાફકટર, ફોગર સીસ્ટમ અને મીલ્કીંગ મશીન પર યુનિટ કોસ્ટના 75% લેખે અનુક્રમે મહત્તમ રૂ.૧૫,૦૦૦/- રૂ.૭,૫૦૦/- અને રૂ.૩૩,૭૫૦/- સહાય; ગીર/ કાંકરેજ માટે યુનિટ કોસ્ટના 90% લેખે અનુક્રમે મહત્તમ રૂ. ૧૮,૦૦૦/-, રૂ. ૯,૦૦૦/- અને રૂ. ૪૦,૫૦૦/- સહાય;

જરૂરી પુરાવાઓ
• લાભાર્થીએ ચાલુ નાણાકીય વર્ષમાં ધિરાણ મેળવેલ હોય તેનો પુરાવો.
• કેટલ શેડ બાંધકામ માટે પુરતી જમીન ધરાવવા અંગેનો દાખલો.
• આધારકાર્ડ ની નકલ
• રેશનકાર્ડ ની નકલ
• બેન્ક પાસબુક ની નકલ
• સરકારે નક્કી કરેલા ઉત્પાદક પાસેથી ખરીદીનું બીલ
• ધિરાણ તથા વ્યાજ અંગેના બેંકના ડોક્યુમેન્ટ
• પશુ ચીકીત્સા અધિકારીનું ખરીદી અંગેનું પ્રમાણપત્ર

યોજનાની અરજી પદ્ધતિ-
• રીઝર્વ બેંક માન્ય નાણાંકીય સંસ્થા/બેંક/ખેતી વિષયક સહકારી મંડળી પાસેથી ૧૨ દુધાળા પશુઓની ખરીદી માટે ધિરાણ મંજુર કરાવ્યા બાદ નીચે દર્શાવેલ લિંક પર અરજી કરવાની રહેશે.
• ઓનલાઇન લિંક-
https://ikhedut.gujarat.gov.in/Public/frm_Public_SchemeDetails.aspx

યોજનાની અમલીકરણ પદ્ધતિ
• ઓનલાઇન કરેલ અરજીના જરૂરી દસ્તાવેજી કાગળો, ફોર્મના ફોટા અને વિડીયોકલીપ સમય મર્યાદામાં નિયત કરેલી કચેરીએ પહોચાડવાની રહે છે.ત્યારબાદ નિયત કરવામાં આવેલ વિવિધ કમિટીઓ ધ્વારા સ્ક્રુટીની તથા વિજેતા પસંદગીની કામગીરી કરવામાં આવે છે.

અમલીકરણ સંસ્થા-
• ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન લી. આણંદ/ નાયબ પશુપાલન નિયામકની કચેરી, જીલ્લા પંચાયત.

અન્ય શરતો-
૧. પશુ ખરીદી માટે રીઝર્વ બેંક માન્ય નાણાંકીય સંસ્થા/બેંક/ખેતી વિષયક સહકારી મંડળી પાસેથી ધિરાણ મેળવેલ હોવું જોઇએ.
૨. પોતાની માલિકીની, ભોગવટાની, લીઝ ઉપર જમીન મેળવેલ હોવી જોઇએ.
૩. નિયત થયેલ શરતો મુજબનું બાંધકામ તથા સાધનોની ખરીદી થયેલ હોવી જોઇએ તથા તમામ શરતોનું પાલન થતું હોવું જોઇએ.

# દિવ્યાંગ વ્યક્તિ માટે ઓળખકાર્ડ અને બસ પાસ યોજના

## યોજનાનું નામ

## • દિવ્યાંગ ઓળખકાર્ડ અને એસ.ટી. બસમાં મફત મુસાફરીની યોજના (૧૦૦% રાહત)

**પાત્રતાના માપદંડ**

**• અંધજન તથા તેની સાથે રાખવામાં આવતા સહાયકને સંપૂર્ણપણે મફત મુસાફરી.**

**• બહેરી મુંગી વ્યકિતઓને સંપૂર્ણપણે મફત મુસાફરીનો લાભ આપવામાં આવે છે.**

**• ૪૦ ટકા કે તેથી વધુ અપંગતા ધરાવતી વિકલાંગ વ્યકિતઓને સંપૂર્ણપણે મફત મુસાફરી કરવા દેવામાં આવે છે.પરંતુ ૭૫ ટકા કે તેથી વધુ અપંગતા ધરાવતી વિકલાંગ વ્યકિતઓના કિસ્સામાં તેના સાથીદારને પ્રવાસભાડામાં ૫૦ ટકા રાહત આપવામાં આવે છે.**

**• ૭૦ કે તેથી ઓછો બુધ્ધિઆંક ધરાવતી મંદબુધ્ધિવાળી વ્યકિતઓને સંપૂર્ણપણે મફત મુસાફરી તથા તેમના અનુરક્ષકને પ્રવાસભાડામાં ૧૦૦ ટકા રાહત આપવામાં આવે છે.**

**• ગુજરાત રાજયમાં રહેતા હોય તેવી અપંગ વ્યકિતઓને જ આ યોજનાનો લાભ મળી શકશે.**

**• ગુજરાત રાજય બહારની મુસાફરી માટે પ્રવાસ ભાડામાં કોઇ રાહત મળવાપાત્ર થશે નહીં. વિકલાંગો માટે લેમીનેટેડ ઓળખકાર્ડ અંગેની યોજના તા.૧-૪-૧૯૯૮ થી અમલમાં આવેલ છે.**

**રજુ કરવાના ડોક્યુમેન્ટ**

**• જિલ્લા સિવિલ સર્જનશ્રીનું વિકલાંગતાની ટકાવારી દર્શાવતું મેડીકલ પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ**

**• અરજદારનો ગુજરાત રાજ્યમાં કાયમી રહેઠાણનો પુરાવો (લાઇટબીલ/વેરાબિલ)**

**• આધાર કાર્ડ ની ખરી નકલ**

**• રેશનકાર્ડ ની નકલ**

**• બ્લડગ્રુપનો દાખલો**

**• પાસપોર્ટ સાઈઝ ફોટો (૨)**

**વધુ વિગત અને ફોર્મ ક્યાં મળશે અને અરજી ક્યાં કરવી?**

**• આ સેવાનો લાભ લેવા જીલ્લા સમાજ સુરક્ષા કચેરી નો સંપર્ક કરવો. તેમજ ફોર્મ ડાઉનલોડ કરવા નીચે દર્શાવેલ લિન્કનો ઉપયોગ કરી શકો છો.**

**https://esamajkalyan.gujarat.gov.in/ApplicationForm/SJEDSD/PHIDBusPassEmptyForm.pdf**

# દિવ્યાંગ વિધાર્થીઓને શિષ્યવૃત્તિ યોજના

**કોને લાભ મળે**

- ૨૧ પ્રકારની દિવ્યાંગતા ધરાવતા વિધાર્થીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર છે.
- અભ્યાસ કરતા દિવ્યાંગ વિધાર્થીની દિવ્યાંગ ટકાવારી ૪૦%થી ઓછી હોવી ન જોઈએ.
- છેલ્લી વાર્ષિક પરીક્ષા ઓછા માં ઓછા ૪૦% ગુણથી ઉતીર્ણ હોવા જોઈએ.
- જે-તે અભ્યાસમાં હાજરીની સંતોષકારક નિયમિતતા જરૂરી છે.
- આવક મર્યાદા લાગુ પડતી નથી.

**કેટલો લાભ મળે?**

- ધોરણ ૧ થી ૭ સુધીમાં ભણતા દિવ્યાંગ વિધાર્થીને વાર્ષિક રૂ.૧૦૦૦/-
- ધોરણ ૮ કે તેથી વધુ અભ્યાસ કરતા દિવ્યાંગ વિધાર્થીને રૂ.૧૫૦૦/- કે તેથી વધુમાં વધુ રૂ.૫૦૦૦/- સુધી.
- દિવ્યાંગ શિષ્યવૃત્તિ વિધાર્થીના બેંક ખાતામાં સીધી જમા કરાવવામાં આવે છે. .

**જરૂરી પુરાવાઓ**

- દિવ્યાંગ વિધાર્થીનું દિવ્યાંગ ઓળખકાર્ડ
- જે-તે વિભાગના નિષ્ણાંત તબીબનું ટકાવારી પ્રમાણપત્ર
- ગત વર્ષની વાર્ષિક પરિણામની પ્રમાણિત નકલ
- અરજદારની બેંક પાસબુકની પ્રમાણિત નકલ
- અરજદારના આધારકાર્ડની પ્રમાણિત નકલ

**અરજી કરવાની પદ્ધતિ**

- દરવર્ષે શૈક્ષણિક કાર્ય શરુ થતા ૧૫મી જૂન થી ૩૧ મી ઓગસ્ટ સુધી મળવાપાત્ર છે. જેની અરજી જે તે સ્કુલના આચાર્યશ્રી ધ્વારા DIGITAL GUJARAT portal મારફત ઓનલાઈન કરવાની થાય છે.
- સમય મર્યાદામાં નિયત ફોર્મ ભરાવીને જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીને તે અંગેની દરખાસ્ત રજુ કરવાની જવાબદારી સબંધિત શાળા-કોલેજના આચાર્યશ્રીની રહે છે.

# દીવ્યાંગો માટે સંતસુરદાસ પેન્શન યોજના

**યોજનાનો ઉદ્દેશ**

- **તિવ્ર અશકત વિકલાંગ વ્યકિતઓ માટે નાણાંકીય સહાય આપવી.**

**પાત્રતાના ધોરણો**

- **લાભાર્થીનું નામ B.P.L. કુટુંબની (૦ થી ૧૬ સ્કોર) યાદીમાં નામ સમાવિષ્ટ.**
- **અરજદારની ઉંમર ૦ થી ૭૯ વર્ષ સુધીની હોવી જોઇએ. (તા.૩૧/૭/૨૦૦૯ના પહેલાનાં જૂના લાભાર્થીઓ)**
- **અરજદારની વિકલાંગતાની ટકાવારી ૮૦ ટકા કે તેથી વધુ જોઈએ.**
- **તા.૧/૮/૨૦૦૯ પછી ૦ થી ૧૮ વર્ષ સુધી બી.પી.એલ, / વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ.**

**(નોંધઃ- ૧૮ વર્ષની ઉંમર બાદ ભારત સરકારની DPS માં તબદીલ કરવામાં આવે છે.)**

**જરૂરી પુરાવા**

- **અરજદાર નો આધારકાર્ડ**
- **અરજદાર નું રહેઠાણ નો પુરાવો (લાઈટબીલ/વેરા બીલ)**
- **અરજદારનું રેશનકાર્ડ (બીપીએલ)**
- **અરજદારનું વિકલાંગતા નું કાર્ડ**
- **અરજદારનું શાળાછોડ્યાનું પ્રમાણપત્ર**
- **અરજદારની બેંકપાસબુક ની નકલ/કેન્સલ ચેક**

**યોજનાના ફાયદા / સહાય**

- **માસિક રૂા. ૬૦૦/-( રાજ્ય સરકારનો ફાળો)**

**વિશેષ નોંધ**

**1. ભારત સરકારની IGNDPS વિકલાંગતાની ટકા ૮૦ % કે તેથી વધુ છે.**

**2. રાજ્ય સરકારના જૂના લાભાર્થીઓમાં વિકલાંગતાની ટકાવારી ૭૫% છે. તા.૧/૮/૨૦૦૯ બાદ ૭૫% વિકલાંગતા ધરાવતા લાભાર્થીને લાભ મળતો નથી.**

**3. ભારત સરકારની IGNDPSમાં વય ૧૮- ૭૯ વર્ષ છે, જ્યારે રાજય સરકારમાં ૦-૧૭ વર્ષની ઊંમરનો સમાવેશ થાય છે.**

**ફોર્મ ક્યાં મળશે અને અરજી ક્યાં કરવી?**

- **આ સેવાનો લાભ લેવા જીલ્લા સમાજ સુરક્ષા કચેરી નો સંપર્ક કરવો. તેમજ ફોર્મ ડાઉનલોડ કરવા નીચે દર્શાવેલ લિન્કનો ઉપયોગ કરી શકો છો.**

[https://esamajkalyan.gujarat.gov.in/ApplicationForm/SJEDSD/SantSurdasEmptyForm.pdf](https://esamajkalyan.gujarat.gov.in/ApplicationForm/SJEDSD/SantSurdasEmptyForm.pdf)

# નિરામયા વીમા યોજના (દિવ્યાંગ વ્યક્તિઓ માટે વીમા રક્ષણ)

**કોને લાભ મળે**

**• ઓટીઝમ, સેરેબ્રલ પાલ્સી, મંદબુદ્ધિ અને બહુ વિકલાંગતા (મલ્ટીપલ ડિસેબિલીટી) ધરાવતા દિવ્યાંગ વ્યક્તિઓ.**

**કેટલો લાભ મળે?**

**• આ યોજનામાં માનસિક દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગ વ્યક્તિઓને રૂ. ૧૦૦૦૦૦/- (રૂપિયા એક લાખ) સુધીનું વીમા રક્ષણ મળવાપાત્ર છે.જેમાં હોસ્પિટલમાં દાખલ, ઓપરેશન, ઓ.પી.ડી દવાઓ અને વાહનવ્યવહાર ખર્ચનો સમાવેશ થાય છે.આ યોજના હેઠળ તમામ પ્રકારના વય જૂથના વિકલાંગનો સમાવેશ થાય છે**

***જરૂરી પુરાવાઓ ***

**• દિવ્યાંગતા નું પ્રમાણપત્ર**

**• એમ.સી.આર. પગરખા – આ પગરખા મેળવવા માટે રક્તપિત્તગ્રસ્ત જરૂરીયાતમંદ દર્દીને કોઇ આધાર પુરાવાની જરૂર રહેતી નથી.**

**• મેજર આર.સી.એચ. કરાવેલ રક્તપિત્તગ્રસ્ત, પોતે બીપીએલ કાર્ડ ધારક છે તેનો સક્ષમ અધિકારીશ્રીનો પુરાવો (બીપીએલ કાર્ડ) રજુ કરવાનું રહેશે.**

**• ભારત સરકાર ધ્વારા માન્ય સંસ્થામાં ઓપરેશન કરાવેલ છે તેનો દસ્તાવેજી પુરાવો.**

**૧) એસ.એસ.જી. હોસ્પિટલ, વડોદરા**

**૨) નવી સિવિલ હોસ્પિટલ, સુરત**

**૩) સિવિલ હોસ્પિટલ, સુરત**

**• રક્તપિત્તગ્રસ્ત આર.સી.એસ. ઓપરેશન માટે હોસ્પીટલાઈઝેશન થયેલ છે તેનો પુરાવો .**

**ક્યાં થી લાભ મળે?**

**નેશનલ ટ્રસ્ટની સ્ટેટ નોડલ એજન્સી સેન્ટર**

**૧) માઈક્રો સેલ્યુલર રબર પગરખા (એમ.સી.આર)- જીલ્લા રક્તપિત્ત અધિકારીશ્રી અથવા જીલ્લા ક્ષય અધિકારીશ્રીની કચેરી ધ્વારા વિનામૂલ્યે.**

**૨) રિકન્સ્ટ્રકટીવ સર્જરી (આર.સી.એમ.) વિનામૂલ્યે પૂરી પાડવામાં આવે છે.**

**૩) બહુઔષધીય સારવાર (એમ.ડી.ટી) – તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામુહિક આરોગ્ય કેન્દ્ર, જીઈલ્લા હોસ્પિટલમાં વિનામૂલ્યે.**

# દિવ્યાંગ અકસ્માત વીમા યોજના

કોને લાભ મળે

• આપઘાત કે કુદરતી મૃત્યુ સિવાય બીજી કોઈપણ રીતે લાભાર્થીઓનું મૃત્યુ થાય કે કાયમી અપંગતા આવે ટો આ યોજનાનો લાભ વીમા પોલીસીની શરતોને આધીન રહીને મળવાપાત્ર થાય.

કેટલો લાભ મળે?

• આ યોજના હેઠળ આવરી લેવાયેલ દિવ્યાંગ વ્યક્તિઓ અથવા તેના પરિવારને રૂ.૧,૦૦,૦૦૦/-ની વીમા રકમની મહત્તમ મર્યાદામાં આ યોજના હેઠળ વળતર ચુકવવાપાત્ર રહેશે. સામાન્ય જૂથ અકસ્માત વીમા પોલીસીની શરતોને ધ્યાનમાં રાખી વીમા રકમ નીચે મુજબના સંજોગોમાં મળવાપાત્ર થશે.

• અકસ્માતના કારણે મૃત્યુ/કાયમી સંપૂર્ણ દિવ્યાંગતાના કિસ્સામાં ૧૦૦ ટકા.

• અકસ્માતના કારણે બે આંખ કે બે અંગ અથવા હાથ/પગ ગુમાવવાના કિસ્સામાં ૧૦૦ ટકા.

• અકસ્માતના કારણે એક આંખ અને એક અંગ ગુમાવવાના કિસ્સામાં ૧૦૦ ટકા.

• અકસ્માતના કારણે એક આંખ અથવા એક અંગ ગુમાવવાના કિસ્સામાં ૫૦ ટકા.

વારસદારો

• આ વીમા યોજના હેઠળ લાભાર્થીઓના વારસદાર તરીકે નીચે મુજબની વ્યક્તિઓ ક્રમાનુસાર રહેશે.

1. પતિ અથવા પત્ની- તેમની ગેરહયાતીમાં
2. તેમના બાળક પુત્ર/પુત્રી- તેમની ગેરહયાતીમાં
3. તેમના માં-બાપ- તેમની ગેરહયાતીમાં
4. તેમના પૌત્ર/પૌત્રી – ઉક્ત ૧,૨,૩ ની ગેરહયાતીમાં
5. લાભાર્થી ઉપર આધારિત અને તેમની સાથે રહેતા અપરણિત અથવા વિધવા અથવા ત્યકતા બહેન.
6. ઉપરોકત કિસ્સા સિવાયના તથા વિવાદાસ્પદ કેસમાં સબંધિત લાભાર્થીઓને લાગુ પડતા વારસાધારા હેઠળ જાહેર થયેલ વારસદારો.

• ઉપરોક્ત, કિસ્સામાં જો વારસદારો સગીર હોય તો તેમના નેચરલ ગાર્ડિયન/કાયદેસરના વાલીને વીમા રકમનું ચુકવણું કરવાનું રહેશે.

જરૂરી પુરાવાઓ

• આ વીમા રક્ષણના લાભાર્થીના વારસદારે ઉપસ્થિત થયેલ દાવા માટે નીચે મુજબની કાર્યવાહી અનુસરવાની રહેશે.

• લાભાર્થીના મૃત્યુના કિસ્સામાં ઉપરોક્ત જણાવ્યા મુજબના વારસદાર અથવા કાયમી અપંગતા ના કિસ્સામાં લાભાર્થીએ પોતે અકસ્માત તારીખના ૯૦ દિવસમાં નોડલ અધિકારી/ સક્ષમ અધિકારીને આ યોજના હેઠળ નિયત કરેલ નમૂનામાં લેખિતમાં જાણ કરવાની રહેશે.

• દાવા અરજીની સાથે નીચે મુજબના દસ્તાવેજો જોડવાના રહેશે.
• વિકલાંગ ઓળખકાર્ડ
• એફ.આઈ.આર (F.I.R)
• અધિકૃત તબીબનો પોસ્ટમોર્ટમ રીપોર્ટ
• જન્મ-મરણ નોંધની અધિકારી ધ્વારા આપવામાં આવેલ જે-તે વ્યક્તિનું મરણનું પ્રમાણપત્ર.
• વિકલાંગ વ્યક્તિની વાર્ષિક આવક રૂ.૬,૦૦,૦૦૦/- થી ઓછી હોવાનું આવક પ્રમાણપત્ર
• કાયમી અપંગતાના કિસ્સામાં સબંધિત જીલ્લાના સિવિલ સર્જન/સ્થાનિક અધિકૃત તબીબી અધિકારીનું પ્રમાણપત્ર.
• જરૂર હોય ત્યાં ઉમરનો પુરાવો (શાળા, કોલેજનું પ્રમાણપત્ર )
• અસાધારણ કેસમાં પોસ્ટમોર્ટમ રીપોર્ટની અશક્યતાના કિસ્સામાં જીલ્લા કલેક્ટરશ્રીનું પ્રમાણપત્ર.

નોંધ :- આ યોજના ગુજરાત સામુહિક જૂથ (જનતા) અકસ્માત વીમા યોજના સાથે સંકળાયેલ છે.

અરજી કરવાની પદ્ધતિ

• જીલ્લા સમાજ સુરક્ષા અધિકારી ની કચેરી એ રૂબરૂ જઈ અરજી કરવાની રહેશે.
• અરજી કરવા માટે ફોર્મ ની લિંક

https://drive.google.com/file/d/1bB2KuwOlsc9Pph5RfzJsoXWCjdDXsE8b/view?usp=sharing

# દિવ્યાંગ વ્યક્તિઓને સાધન સહાય આપવાની કેન્દ્ર સરકારની યોજના (એડીપ યોજના)

**કોને લાભ મળે**

- **દિવ્યાંગતાની ટકાવારી ૪૦% કે તેથી વધુ હોવી જોઇએ.**
- **માસિક આવકના અન્ય સ્ત્રોત રૂ. ૨૦,૦૦૦/- થી વધુ ન હોવા જોઇએ.**
- **આશ્રિત હોય તેવા કિસ્સામાં માતા-પિતા/વાલીની માસિક આવક રૂ.૨૦,૦૦૦/- થી વધુ ન હોવી જોઇએ.**
- **આ હેતુ માટે છેલ્લા ત્રણ વર્ષમાં જેઓને કોઇપણ પ્રકારની મદદ મળી ન હોય તેવા ૧૨ વર્ષની નાની ઉમરના બાળકો માટે આ મર્યાદા એક વર્ષની રહેશે.**

**કેટલો લાભ મળે?**

- **કોઇપણ એક સાધન સહાય રૂ.૧૦,૦૦૦/- ની મર્યાદામાં આપવામાં આવશે. (આધુનિક ઉપકરણની સહાય મળી શકે છે, જેમ કે ડેઝી બુક પ્લેયર, લેપટોપ અને ડીઝીટલ મેગ્નીફાયર. આ પ્રકારના ઉપકરણ નિષ્ણાંત સમિતિના સુચન ધ્વારા આપવામાં આવશે. જે ૧૦ વર્ષમાં એક વખત મળશે.)**
- **ધોરણ-૯ થી ઉપર ભણતા વિધાર્થીઓને કોઇપણ એક સાધન સહાય રૂ. ૧૨,૦૦૦/-ની મર્યાદામાં આપવામાં આવશે.**
- **સાધનો અને ઉપકરણો બેસાડવા સુધારાત્મક ઓપરેશન કરવાની જરૂર પડે તો નીચે મુજબની સહાય આપવામાં આવશે.**
- **સાંભળવાની અને બોલવાની તકલીફવાળી દિવ્યાંગ વ્યક્તિઓને રૂ.૫૦૦ થી રૂ.૧૦૦૦/-.**
- **દ્રષ્ટિહીન દિવ્યાંગ વ્યક્તિઓને રૂ.૧૦૦૦ થી રૂ.૨૦૦૦.**
- **ઓર્થોપેડિક તકલીફવાળી દિવ્યાંગ વ્યક્તિને રૂ.૫૦૦૦ થી રૂ.૧૦૦૦.**
- **બહુ દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિને એક થી વધુ સાધન સહાયની જરૂર પડે ત્યારે દરેક સાધન માટે અલગ રીતે તેની મર્યાદા લાગુ પડશે.**

**જરૂરી પુરાવાઓ**

- **દિવ્યાંગ વિધાર્થીનું દિવ્યાંગ ઓળખકાર્ડ**
- **જે-તે વિભાગના નિષ્ણાંત તબીબનું ટકાવારી પ્રમાણપત્ર (સિવિલ સર્જનનો દાખલો)**
- **અરજદારની બેંક પાસબુકની પ્રમાણિત નકલ**
- **અરજદારના આધારકાર્ડની પ્રમાણિત નકલ**
- **દિવ્યાંગતા દર્શાવતો ફોટો**

**અરજી કરવાની પદ્ધતિ**

- **જીલ્લા સમાજ સુરક્ષા અધિકારી ની કચેરી અથવા સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, નવી દિલ્હીએ માન્યતા આપેલ સંસ્થાએ રૂબરૂ જઇ ફોર્મ ભરવાનું રહેશે.**

# દીવ્યાંગોને કૃત્રિમ અવયવો તથા સાધન સહાય યોજના

**સાધન સહાય યોજના મેળવવાની પાત્રતા**

**૧. ૫ થી ૬૦ વર્ષની ઉમર સુધીની વિકલાંગ વ્યકિત.**

**૨. ૪૦% કે તેથી વધુ વિકલાંગ ધરાવતી વ્યકિતને.**

**૩. ગુજરાત રાજ્યનો વતની.**

**૪. વિકલાંગ કાર્ડ ધરાવતા હોય.**

https://drive.google.com/file/d/1KNxMMqLnufKv4tVG7JV6MeYnZaMkL8CI/view?usp=sharing

**મળવાપાત્ર સહાય**

**૧. અપંગ વ્યકિત કૃત્રિમ અવયવ માટે ઘોડી, કેલીપર્સ (બુટ),ત્રણ પૈડાવળી સાયકલ, બે પૈડાવળી સાયકલ.**

**૨. સ્વરોજગારી માટે હાથલારી, સિલાઇ મશીન, મોચીકામના સાધન.**

**૩. શ્રવણમંદ વ્યકિત માટે હીયરીંગ એઇડ તેમજ અન્ય સાધન સહાય.**

**૪. દૃષ્ટિમંદ વ્યકિત માટે સંગીતના સાધનો.**

**https://drive.google.com/file/d/145W1ImJ-Uj38sEAMvTaXjG01mgSc7IQb/view?usp=sharing**
**(ઉપરોકત આર્થિક સાધન સહાય રૂ. ૨૦,૦૦૦/-ની મર્યાદામાં આપવામાં આવે છે.)**

**જરૂરી પુરાવાઓ**

**૧. ઉમરનો પુરાવો.**

**૨. વિકલાંગ ઓળખપત્રની નકલ.**

**૩. દિવ્યાંગતા તબીબી પ્રમાણપત્ર.**

**૪. સ્વરોજગારી માટે અનુભવ કે તાલીમનો દાખલો.**

**૫. આધારકાર્ડની નકલ**

**૬. બેંક પાસબુકની નકલ**

**ફોર્મ ક્યાં મળશે અને અરજી ક્યાં કરવી?**

**• આ સેવાનો લાભ લેવા જીલ્લા સમાજ સુરક્ષા કચેરી નો સંપર્ક કરવો. તેમજ ફોર્મ ડાઉનલોડ કરવા નીચે દર્શાવેલ લિન્કનો ઉપયોગ કરી શકો છો.**
https://sje.gujarat.gov.in/dsd/downloads/form_10_2016.pdf

# દિવ્યાંગોને ઇલેક્ટ્રિક સ્કુટર સહાય યોજના

**કોને લાભ મળે**

- દિવ્યાંગની ઉમર ૧૮ થી ૫૦ વર્ષ સુધીની હોવી જરૂરી છે.
- દિવ્યાંગતાની ટકાવારી ૪૦% કે તેથી વધુ તથા લાભાર્થીનું નામ બી.પી.એલ. યાદીમાં ૦ થી ૨૦ ના સ્કોર ધરાવતા હોવા જોઇએ.
- આ યોજનામાં ફક્ત અસ્થી વિષયક દિવ્યાંગ સ્ત્રી અને પુરુષ બંનેને લાભ મળવાપાત્ર થશે.
- ઇલેક્ટ્રિક સ્કુટર ખરીદવાની સહાય યોજનામાં લાભાર્થી ધ્વારા તેઓએ મેળવેલ ઇલેક્ટ્રિક સ્કુટર જો કંડમ થઇ ગયેલ હોય તો પાંચ વર્ષ બાદ જો અન્ય રીતે યોજનાનો લાભ મળવાપાત્ર ઠરતા હશે તો યોજનાનો લાભ પુનઃ મેળવવા અરજી કરી શકશે.
- દિવ્યાંગ વ્યક્તિ સમાજ સુરક્ષા ખાતાનું દિવ્યાંગ ઓળખકાર્ડ ધરાવતો હોવો જોઇએ.

**કેટલો લાભ મળે?**

- દિવ્યાંગોને સ્કુટર ખરીદવાની યોજના હેઠળ ઇલેક્ટ્રિક સ્કુટર ખરીદવા બાબતે અરજદારની અરજી મંજુર થયા બાદ ઇલેક્ટ્રિક સ્કુટર ખરીદે ત્યારબાદ બીલ રજૂ કર્યા બાદ જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રની કચેરી ધ્વારા સહાયની રકમ D.B.T. મારફત અરજદારના ખાતામાં સીધી ચુકવણી કરવાની રહેશે.
- ભારત સરકાર જે તે ડીલરોને સબસીડી ચુકવતા, સબસીડી ડીલરના ખાતામાં જમા થશે. જે તે કંપની ધ્વારા સબસીડીની રકમ કપાત કરી, બીલની રકમ ચુકવવામાં આવશે. અરજદાર ઇલેક્ટ્રિક સ્કુટર ખરીદે ત્યારબાદ બીલ રજૂ કર્યા બાદ સહાય મંજુર કરી, સહાયની ચુકવણી કરવામાં આવશે.
- દિવ્યાંગોને ઇલેક્ટ્રિક સ્કુટર ખરીદવાની યોજના હેઠળ સ્કુટરની બેઝીક કિમત+ડિસેબલ કિટના ૫૦% અથવા રૂ.૨૫૦૦૦/- ની મર્યાદામાં સહાય ચુકવવાની થશે.

**જરૂરી પુરાવાઓ**

- દિવ્યાંગ વિધાર્થીનું દિવ્યાંગ ઓળખકાર્ડ
- શાળા છોડ્યાનું પ્રમાણપત્ર (સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ)
- જે-તે વિભાગના નિષ્ણાંત તબીબનું ટકાવારી પ્રમાણપત્ર (સિવિલ સર્જનનો દાખલો)
- ગત વર્ષની વાર્ષિક પરિણામની પ્રમાણિત નકલ
- અરજદારની બેંક પાસબુકની પ્રમાણિત નકલ
- અરજદારના આધારકાર્ડની પ્રમાણિત નકલ

**અરજી કરવાની પદ્ધતિ**

- જીલ્લા સમાજ સુરક્ષા અધિકારી ની કચેરીએ રૂબરૂ જઇ ફોર્મ ભરવાનું રહેશે.

# દિવ્યાંગ લગ્ન સહાય યોજના

**પાત્રતાના માપદંડ**

- **કન્યાની ઉંમર ૧૮ વર્ષથી ઉપર અને છોકરાની ઉંમર ૨૧ વર્ષથી વધુ હોવી જોઇએ.**
- **આ યોજનાનો લાભ ફકત એક જ વખત (એક યુગલદીઠ) મળવાપાત્ર રહેશે.**
- **આ યોજના હેઠળ નીચે દર્શાવેલ દિવ્યાંગતાની ટકાવારી મુજબ લાભ આપવામાં આવે છે.**
- **૮૦% કે તેથી વધુ અંધત્વ, ઓછી દ્રષ્ટિવાળા દિવ્યાંગ વ્યક્તિઓને સહાય મળવાપાત્ર છે.**
- **૭૧% કે તેથી વધુ સાંભળવાની ક્ષતિવાળા દિવ્યાંગ વ્યક્તિઓને સહાય મળવાપાત્ર છે.**
- **૫૦% તેની ક્રોનિક ન્યુરોલોજીકલ સ્થિતિ, સામાન્ય ઈજા જીવલેણ રક્તસ્ત્રાવ, ધ્રુજારી સ્નાયુબદ્ધ કઠોરતા, બૌધિક અસમર્થતા, હિમોગ્લોબીનની ઘટેલી માત્ર, દીર્ઘકાલીન અનેમીયા, માનસિક બીમાર, ખાસ અભ્યાસ સબંધિત દિવ્યાંગતા, વાણી અને ભાષાની અશક્તતા, ચેતાતંત્ર-ન્યુરોની વિકાસલક્ષી સ્થિતિમાં ક્ષતિ, બહેરા અંધત્વ સહીત અનેક અપંગતાવાળા દિવ્યાંગ વ્યક્તિઓને સહાય મળવાપાત્ર છે.**
- **૪૦% કે તેથી વધુ આનુંવાન્શિક કારણોથી થતો સ્નાયુ ક્ષય, રક્તપિત-સાજા થયેલ, એસીડના હુમલાનો ભોગ બનેલ, હલન-ચલન સાથેની અશક્તતા, શેરેબલપલ્સી, વામનતા, બહુવિધ સ્કલેરોસિસ-શરીરની પેશીઓ કઠણ થવાની વિકૃતિવાળા દિવ્યાંગ વ્યક્તિઓને સહાય મળવાપાત્ર છે.**
- **લગ્નના ૧ વર્ષ ની સમયમર્યાદા માં અરજી કરવાની રહેશે.**

**સહાયનો દર**

- **આ યોજના હેઠળ દિવ્યાંગથી દિવ્યાંગ વ્યકિત લગ્ન કરે ત્યારે રુ.૫૦,૦૦૦/- + ૫૦,૦૦૦/- મળીને કુલ રૂ. ૧,૦૦,૦૦૦/- તેમજ સામાન્ય/ વ્યકિતથી દિવ્યાંગ વ્યકિત લગ્ન કરે ત્યારે રૂ.રુ.૫૦,૦૦૦/- ની સહાય ચુકવવામાં આવે છે.**

**રજુ કરવાના ડોક્યુમેન્ટ**

- **રહેઠાણનો પુરાવો ( રેશન કાર્ડ/વીજળી બીલ/ડ્રાઈવિંગ લાઇસન્સ/આધારકાર્ડ/ચુંટણી કાર્ડ)**
- **અરજદારનું શાળા છોડયાનું પ્રમાણપત્ર**
- **કન્યા/કુમારનું શાળા છોડયાનું પ્રમાણપત્ર**
- **બન્નેના સુંયુકત લગ્ન વખતના ફોટા**
- **લગ્ન કંકોત્રી**
- **અરજદારનું દિવ્યાંગતાનું ઓળખકાર્ડ અથવા સિવિલ સર્જનશ્રીનો દિવ્યાંગતા દાખલની પ્રમાણિત નકલ**
- **લગ્ન રજીસ્ટર ઓફ મેરેજીસની ઓફિસમાં નોધાયેલું**
- **છૂટાછેડા અંગેના દસ્તાવેજ**
- **બેન્ક પાસબૂકની નકલ**
- **સોગંધનામું**

**ફોર્મ ક્યાં મળશે અને અરજી ક્યાં કરવી?**

- **આ સેવાનો લાભ હવે ઓનલાઈન સમાજ કલ્યાણ ની વેબસાઈટ પરથી મેળવી શકો છો. જે નીચે દર્શાવેલ લિંક ધ્વારા મળી શકશે.**

**https://esamajkalyan.gujarat.gov.in/**

- **આ યોજના હેઠળ દિવ્યાંગતાની ટકાવારી મુજબ લાભ જોવા માટે નીચે આપવામાં આવેલ લિંક પર ક્લિક કરો.**

**https://sje.gujarat.gov.in/dsd/downloads/viklang_lagan_sahay_form_2016.pdf**

- **ઓનલાઈન ફોર્મ ભર્યા બાદ ફોર્મ ની કોપી અને પુરાવાઓ વેરીફીકેશન માટે જીલ્લા સમાજ સુરક્ષા અધિકારી કચેરી (આપના તાલુકા/જીલ્લા માં જેમને સત્તા આપેલ હોય ત્યાં) જઈ તપાસ કરાવવાના રહેશે.**

# પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના- ફક્ત ૧૨ રૂ./ વર્ષ પ્રીમીયમ.

• કેન્દ્ર સરકાર દ્વારા સંચાલિત સામાજિક સુરક્ષા યોજનાઓમાં વડાપ્રધાન સુરક્ષા વીમા યોજનાનો પણ સમાવેશ થાય છે. આ વીમા યોજનામાં, માત્ર 12 રૂપિયાના વાર્ષિક પ્રીમિયમ પર, અકસ્માત સમયે 2 લાખ રૂપિયા સુધી વીમા કવર આપવામાં આવે છે. આ રકમ તમારા લિંક્ડ બેંક ખાતામાંથી જ કાપવામાં આવે છે. આ અંતર્ગત, નોંધણીનો સમયગાળો 1 જૂનથી 31 મે સુધીનો છે. એટલે કે, તમે મે મહિનામાં જ આ યોજનાનું નવીકરણ કરી શકો છો (હાલ પણ આ યોજના લઇ શકાય). યોજનાનો સમયગાળો એક વર્ષનો હોય છે અને દર વર્ષે તેને રીન્યુ કરવું પડે છે.

• 18 વર્ષથી 70 વર્ષ સુધીનો કોઈપણ નાગરિક આમાં ભાગ લઈ શકે છે, જેમની પાસે બેંક ખાતું હોવું જરૂરી છે.

કેવી રીતે લાભ મળશે.

• પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજનામાં જોડાયા બાદ રૂ. 2 લાખ સુધીનો વીમો કવર આપવામાં આવે છે.

1. અકસ્માતમાં મૃત્યુ પર: આશ્રિતોને 2 લાખ રૂપિયા
2. કાયમી અપંગતા પર: આશ્રિતોને 2 લાખ રૂપિયાની રકમ
3. આંશિક અપંગતા પર: આશ્રિતોને 1 લાખ રૂપિયાની રકમ

PMSBY માટે શું મહત્વનું છે?

• આ યોજના માટેની ઉંમર 18 વર્ષથી 70 વર્ષની વચ્ચે હોવી જોઈએ. આ યોજનાનો લાભ 70 વર્ષ પછી ઉપલબ્ધ નથી.
• આ યોજનાનો લાભ લેવા માટે, અરજદાર પાસે બેંક ખાતું હોવું આવશ્યક છે.
• પ્રીમિયમની રકમ સીધા બેંક ખાતામાંથી ડેબિટ થાય છે.
• જો એકાઉન્ટમાં કોઈ બેલેન્સ નથી, તો નીતિ રદ કરવામાં આવશે. પોલીસી બેંક ખાતા બંધ થવાના કિસ્સામાં સમાપ્ત થશે. જો તમારી પાસે એક કરતા વધુ બેંક ખાતા છે, તો ફક્ત એક જ બેંક ખાતું આ યોજના સાથે લિંક કરી શકાય છે.

કેવી રીતે રજીસ્ટર કરવું?

• તમે જે બેંકમાં ખાતું છે તે બેંકની કોઈપણ શાખાની મુલાકાત લઈને તમે પીએમએસબીવાય પોલિસી માટે અરજી કરી શકો છો. આ યોજના સાથે જોડાયેલ ફોર્મ https://jansuraksha.gov.in/Files/PMSBY/Gujarati/ApplicationForm.pdf પરથી ડાઉનલોડ કરી બેંકમાં સબમિટ કરી શકાય છે. પ્રીમિયમ માટે, તમારે તેને બેંક ફોર્મમાં મંજૂરી આપવી પડશે કે પ્રીમિયમ રકમ તમારા ખાતામાંથી જ કાપવામાં આવશે.
• બેંક મિત્રો પણ ઘરે ઘરે પીએમએસબીવાય પહોંચાડી રહ્યા છે. આ માટે વીમા એજન્ટનો પણ સંપર્ક કરી શકાય છે.
• સરકારી વીમા કંપનીઓ અને ઘણી ખાનગી વીમા કંપનીઓ પણ આ યોજના વેચે છે.

# પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના- ફક્ત ૩૩૦ રૂ./ વર્ષ પ્રીમીયમ

• પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના (પીએમજેજેબીવાય) એક પ્રકારની ટર્મ વીમા યોજના છે. જો કોઈ વ્યક્તિ પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના (પીએમજેજેબીવાય) માં રોકાણ કર્યા પછી મૃત્યુ પામે છે(અકસ્માત સિવાય પણ), તો તેના પરિવારને 2 લાખ રૂપિયા મળે છે.

• દેશની દરેક વ્યક્તિને જીવન વીમાના લાભો પૂરા પાડવા કેન્દ્રની મોદી સરકારે 9 મે, 2015 ના રોજ પીએમજેજેબીવાય શરૂ કરી હતી.

ટર્મ પ્લાન એટલે શું?

• વીમા કંપનીની ટર્મ પ્લાન એટલે જોખમ સામે રક્ષણ. ટર્મ પ્લાનમાં વીમા કંપની પોલિસીધારકના મૃત્યુ પછી જ વીમા રકમ ચૂકવે છે.

• હકીકતમાં, ટર્મ પ્લાન એ ખૂબ જ નજીવી પ્રીમિયમ પર જોખમ સુરક્ષા પ્રદાન કરવાનો શ્રેષ્ઠ માર્ગ છે.

પીએમજેજેબીવાયની વિશેષતા શું છે?

• પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના (પીએમજેજેબીવાય) માં વીમા ખરીદવા માટે કોઈ તબીબી પરીક્ષણની જરૂર નથી.

• પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના (પીએમજેજેબીવાય) હેઠળ, ટર્મ પ્લાન લેવાની લઘુત્તમ વય 18 વર્ષ અને મહત્તમ વય 50 વર્ષ છે. આ નીતિની પરિપક્વતાની ઉંમર 55 વર્ષ છે.

• પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના (પીએમજેજેબીવાય) હેઠળ, દર વર્ષે ટર્મ પ્લાન રીન્યુ કરવાની રહેશે. આમાં બાંયધરીકૃત રકમ 2,00,000 રૂપિયા છે.

• પ્રધાનમંત્રી જીવન જ્યોતિ બીમા યોજના (પીએમજેજેબીવાય) નું વાર્ષિક પ્રીમિયમ 330 રૂપિયા છે. આ રકમ તમારા બેંક ખાતામાંથી ઇસીએસ દ્વારા લેવામાં આવે છે. બેંકો યોજનાની રકમ માટે વહીવટી ફી લે છે. આ સિવાય આ રકમ પર પણ જીએસટી લાગુ છે.

• જો વીમા કવરના સમયગાળા દરમિયાન સભ્યનું મૃત્યુ થાય છે, તો તેના પરિવાર (નામાંકિત) ને 2 લાખ રૂપિયાની રકમ મળશે.

• જો પીએમજેજેબીવાય હેઠળ વીમા લેતી કોઈ વ્યક્તિએ ઘણી બેંકોને પ્રીમિયમ ચૂકવ્યું હોય તો પણ, કુલ મૃત્યુ લાભ રૂ. 2,00,000 કરતાં વધુ ન હોઈ શકે.

• કોઈપણ વ્યક્તિ એક વર્ષ કે તેથી વધુ સમય માટે પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના (પીએમજેજેબીવાય) પસંદ કરી શકે છે. જો કોઈ વ્યક્તિએ લાંબા ગાળાના વીમાની પસંદગી કરી છે, તો તેની બેંક દરવર્ષે બેંકના બચતખાતામાંથી પ્રીમિયમ રકમ કાપશે. જે દિવસથી તમારા બેંક ખાતામાંથી પ્રીમિયમ રકમ કાપવામાં આવે છે ત્યાંથી તમને પ્રધાનમંત્રી જીવન જ્યોતિ બીમા યોજના (પીએમજેજેબીવાય) ની સુવિધા મળશે. પીએમજેજેબીવાય પોલિસી કોઈપણ તારીખે ખરીદવામાં આવે છે, પ્રથમ વર્ષ માટે તેનું કવરેજ આવતા વર્ષે 31 મે સુધી રહેશે.

• પછીના વર્ષોમાં, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના (પીએમજેજેબીવાય) ના કવર દર વર્ષે 1 જૂને બેંક ખાતામાંથી પ્રીમિયમ રકમ ચૂકવીને નવીકરણ કરી શકાય છે.

કેવી રીતે રજીસ્ટર કરવું?

• તમે જે બેંકમાં ખાતું છે તે બેંકની કોઈપણ શાખાની મુલાકાત લઈને તમે પીએમજેજેબીવાય પોલિસી માટે અરજી કરી શકો છો. આ યોજના સાથે જોડાયેલ ફોર્મ https://www.jansuraksha.gov.in/Files/PMJJBY/Gujarati/ApplicationForm.pdf પરથી ડાઉનલોડ કરી બેંકમાં સબમિટ કરી શકાય છે. પ્રીમિયમ માટે, તમારે તેને બેંક ફોર્મમાં મંજૂરી આપવી પડશે કે પ્રીમિયમ રકમ તમારા ખાતામાંથી જ કાપવામાં આવશે.

# રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના (સંકટ મોચન યોજના)

**• આ યોજના હેઠળ કુટુંબ પરિવારની મુખ્ય કમાનાર વ્યક્તિ સ્ત્રી કે પુરુષનું કુદરતી સંજોગોમાં કે અકસ્માતને કારણે મૃત્યુ થાય તો નીચે પ્રમાણેની કેન્દ્રીય સહાય મળવાપાત્ર થશે.**

**1. કુદરતી સંજોગોને કારણે મૃત્યુ થયું હોય તેવા કિસ્સામાં રૂા. ૨૦,૦૦૦/-**

**2. અકસ્માતને કારણે મૃત્યુ થયું હોય તેવા કિસ્સામાં રૂા. ૨૦,૦૦૦/-**

**• કુટુંબ ઉપર આવેલ આફતમાં તે કુટુંબને સહાયરૂપ થઈ શકાય તે માટે ઉચ્ચક રોકડ સહાય આપવાની જોગવાઈ આ યોજનામાં કરવામાં આવી છે. અગાઉ આ યોજના હેઠળ રૂ. ૧૦,૦૦૦/-ની સહાય અપાતી હતી તે તા. ૧૫-૨- ૨૦૧૪ના ઠરાવથી રકમ વધારીને રૂ. 20,000/- કરવામાં આવી છે.**

**1. આવુ મૃત્યુ થાય ત્યારે મુખ્ય કમાનાર વ્યક્તિ (તે અથવા તેણીની) વય ૧૮ વર્ષથી વધુ અને ૭૦ વર્ષથી ઓછી હોવી જોઈએ.**

**2. મૃત્યુ પછીના બે વર્ષની મર્યાદામાં નિયત ફોર્મમાં અરજી કરવાની રહેશે. આ યોજના હેઠળ સહાયની પાત્રતા માટે અરજદાર લાભાર્થી ભારત સરકારની ગાઈડલાઈન મુજબ BPL લાભાર્થી હોવા જોઈએ. અરજદાર ગ્રામ વિસ્તારમાં રહેતા હોય તો તેઓને ગામની પંચાયતમાં નગરપાલિકા કે મહાનગરપાલિકા વિસ્તારમાં રહેતા હોય તો નગરપાલિકા કે મહાનગર પાલિકાની કચેરીમાં BPL લાભાર્થી તરીકે નોંધાયેલા હોવા જોઈએ.**

**3. અકસ્માત પામનાર વ્યક્તિનો પોસ્ટમોર્ટમ રિપોર્ટ, પોલીસ ફરિયાદ, પંચનામાની કોપી અરજીપત્રક સાથે સામેલ કરવાની હોય છે.**

**4. મૃત્યુ પામનાર કુટુંબની મુખ્ય વ્યક્તિ તરીકે કોઈ પણ એક જ વ્યક્તિએ અરજદાર તરીકે અરજી કરવાની હોય છે અનેકુટુંબના તમામ સભ્યોએ સંમતિ આપવી પડે છે. આ સહાય કુટુંબના દરેક સભ્યોને અલગ અલગ મળવાપાત્ર નથી.**

**5. આ યોજના હેતુ માટે કુટુંબની વ્યાખ્યામાં પતિ-પત્ની, સગીર બાળકો, અપરિણિત પુત્રીઓ અને આશ્રિત માતા પિતાનો સમાવેશ થાય છે.**

**અરજી ક્યાં કરશો?**

**1. શહેરી વિસ્તાર માટે જે તે વિસ્તારની પ્રાંત કચેરીમાં અરજી કરવાની રહેશે.**

**2. ગ્રામ પંચાયત વિસ્તાર માટે - આ યોજના હેઠળ નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રીને અરજી કરવાની રહેશે.**

**3. મહાનગર પાલિકા વિસ્તાર માટે - કમિશનર મહાનગરપાલિકાની કચેરીમાં યુ.સી.ડી. શાખામાં અરજી કરવાની રહેશે. આ યોજના હેઠળ સહાય મંજૂર કરવાની સત્તા ઉપરોક્ત અધિકારીશ્રીને હસ્તક છે તથા અરજી ફોર્મ પણ તેઓની કચેરીમાંથી મળશે.**

**ફોર્મ ડાઉનલોડ કરવા માટે નીચે દર્શાવેલ લિંક નો ઉપયોગ કરી શકો છો.**

**https://sje.gujarat.gov.in/dsd/downloads/sankat_mochan_form_n.pdf**

# વિદ્યાદીપ વીમા યોજના

**લાભ કોને મળે?**

- **ધોરણ ૧ થી ૮માં અભ્યાસ કરતા આકસ્મિક અવસાન પામનાર કોઈપણ વિદ્યાર્થીને લાભ મળવાપાત્ર**

**કેટલો લાભ મળે?**

- **વાહન અકસ્માત, સાંપ-વીંછી કરડવાથી, વીજ શોક લાગવાથી કે ડૂબી જવાથી થતા મૃત્યુના કિસ્સામાં રૂ.૫૦,૦૦૦/- ની સહાય ચુકવવામાં આવે છે.**

**જરૂરી પુરાવાઓ**

- **પોસ્ટમોર્ટમ રીપોર્ટ**
- **એફ.આઈ.આર (FIR રીપોર્ટ) નકલ**
- **પંચનામું**
- **મરણનું પ્રમાણપત્ર**
- **પેઢીનામું**
- **ઇમ્ડેન્ડીટી બોન્ડ નમુનો રૂ.૧૦૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર**

**લાભ ક્યાંથી મળેલ?**

**સબંધિત સ્કૂલમાંથી**

આ માહિતી ની વિગતો 07/02/2021 મુજબની છે જેને ધ્યાનમાં લેવી .